सत्यमेव जयते

ગુજરાત વિધાનસભા સચિવાલય

# ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના પ્રથમ અધિવેશન (ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ-મે)માં થયેલા કામકાજનો

# ટૂંકો અહેવાલ

*

અમદાવાદ
શાસન મધ્યસ્થ મુદ્રણાલય
૧૯૬૫

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના પ્રથમ અધિવેશન (ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ-મે)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શક્ય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, ૨જી જૂન, ૧૯૬૫.

હ. ભ. શુક્લ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના પ્રથમ અધિવેશન (ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ-મે)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ ... ... ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧. સન ૧૯૬૫ના પ્રથમ અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ. ... ... ... ... | ૯ |
| ૩. | પત્રક ક્રમાંક-૨. જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી. ... ... | ૩૩ |
| ૪. | પત્રક ક્રમાંક-૩. જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નીમણૂંક ... ... | ૩૩ |
| ૫. | પત્રક ક્રમાંક-૪. અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ. ... ... ... | ૩૫ |
| ૬. | પત્રક ક્રમાંક-૫. સરકારી વિધેયકો. ... ... ... ... ... | ૩૬ |
| ૭. | પત્રક ક્રમાંક-૬. રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો. ... ... ... | ૪૨ |
| ૮. | પત્રક ક્રમાંક-૭. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો. | ૪૩ |
| ૯. | પત્રક ક્રમાંક-૮. સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની માંગણીઓ. ... ... | ૪૫ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯. સન ૧૯૬૪-૬૫ના વર્ષ માટેની પૂરક માંગણીઓ. ... ... | ૪૬ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦. સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેની રજૂ થયેલી વધારાની માંગણીઓ. ... ... ... ... ... ... ... | ૪૭ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧. તારાંકિત, અતારાંકિત તથા ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ. | ૪૮ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨. તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) ... ... | ૪૯ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩. અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) ... | ૫૦ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪. બિન-સરકારી સંકલ્પો. ... ... ... ... ... | ૫૧ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ. ... ... ... ... ... | ૫૨ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ. ... ... ... ... ... ... | ૫૩ |
| ૧૮. | પત્રક ક્રમાંક-૧૭. વિભાજન. ... ... ... ... ... | ૫૫ |

## ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૫ના પ્રથમ અધિવેશન (ફેબ્રુઆરી—માર્ચ—એપ્રિલ—મે) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૫નું પ્રથમ અધિવેશન સોમવાર, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ વિધાનસભાગૃહ, અમદાવાદમાં શરૂ થયું હતું. સરકારની વિનંતીથી શુક્રવાર, તારીખ ૯મી એપ્રિલ, ૧૯૬૫ના રોજ સભાગૃહ સોમવાર, તા. ૩જી મે, ૧૯૬૫ના રોજ ફરી મળવા મુલતવી રાખવામાં આવ્યું હતું. અધિવેશન બુધવાર, તા. ૫મી મે, ૧૯૬૫ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૪૧ દિવસ મળી હતી અને તેમાં ૪૧ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૧૬૬ કલાક અને ૪૧ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૨૬ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૦૬ હતી. સરેરાશ હાજરી ૧૧૭ હતી.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક—૧માં આપ્યો છે.

### વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વિગેરે ઉપર સભ્યોની ચૂંટણીઓ/નિમણૂંકો

અધિવેશન દરમિયાન જાહેર હિસાબ સમિતિ અને અંદાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી થઈ હતી. (જુઓ પત્રક ક્રમાંક-૨).

અધિવેશન દરમિયાન નીચેની સમિતિઓની અધ્યક્ષશ્રીએ નિમણૂંક કરી હતી :–

(૧) અરજી સમિતિ,

(૨) સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિ,

(૩) સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ,

(૪) ગુજરાત વિધાનસભાના સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ,

(૫) ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ,

(૬) ગૌણ વિધાન સમિતિ. (જુઓ પત્રક ક્રમાંક -૩).

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂંક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૪).

### અધ્યાદેશો

તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ નીચેનાં બે અધ્યાદેશો વિધાન સભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં :–

(૧) સન ૧૯૬૪નો ગુજરાત પંચાયત અને ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) અધ્યાદેશ (સન ૧૯૬૪નો અધ્યાદેશ ક્રમાંક-૨).

(૨) સન ૧૯૬૫નો ગુજરાત બાકી રહેલા સ્વત્વાર્પણો નાબૂદ કરવા બાબતનો (સુધારા) અધ્યાદેશ (સન ૧૯૬૫નો અધ્યાદેશ ક્રમાંક-૧).

## રાજ્યપાલનું સંબોધન

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અનુસાર રાજ્યપાલે ગુજરાત વિધાનસભાને તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ બપોરે ૧-૦૦ વાગે સંબોધન કર્યું હતું અને તે દિવસે શ્રી ગોકળદાસ ડોસાભાઈ પરમારે રાજ્યપાલના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેનું શ્રી સુલેમાન યુસુફ ઉનિયાએ સમર્થન કર્યું હતું. આભાર દર્શનના પ્રસ્તાવ પર ૫૫ સુધારાઓની સૂચના આવી હતી જેમાંથી અધ્યક્ષશ્રીએ ૨૩ સુધારાઓ અમાન્ય કર્યા હતા. માન્ય કરવામાં આવેલા ૩૨ સુધારાઓમાંથી એક પણ સુધારો ગૃહમાં રજૂ કરવામાં આવ્યો ન હતો.

રાજ્યપાલના સંબોધન ઉપર તારીખ ૨૨, ૨૩ અને ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં ૫૫ સભ્યોએ ભાગ લીધો હતો. ચર્ચાને અંતે રાજ્યપાલના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૨૮ વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. (જૂઓ પત્રક ક્રમાંક-૫) તેમાંથી ૧૯ વિધેયકો પસાર થયાં હતા.

## બિન-સરકારી વિધેયકો

### (૧) રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો.

અધિવેશન દરમ્યાન ૫ બિન-સરકારી વિધેયકોની સૂચના મળી હતી જેમાંથી ૪ વિધેયકો રજૂ કરવામાં આવ્યાં હતાં અને ૧ વિધેયક પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે રજૂ થઈ શકયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક -૬).

### (૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો.

પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે ૬ બિન-સરકારી વિધેયકો હતાં. તેમાંથી ૩ વિધેયકો ગૃહની મંજૂરીથી પાછાં ખેંચી લેવામાં આવ્યાં હતાં. ૨ વિધેયકો પ્રભારી સભ્યોની ગેરહાજરીને લીધે લેવાયાં ન હતાં અને ૧ વિધેયક પ્રભારી સભ્ય કાર્યવાહી આગળ ચલાવવા માગતા ન હોવાથી લેવાયું ન હતું. (જૂઓ પત્રક ક્રમાંક-૭).

## નાણાંકીય કામકાજ

સન ૧૯૬૫-૬૬નાં અંદાજપત્ર અનુમાનો તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા તારીખ ૪, ૫ ૮ અને ૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ કરવામાં આવી હતી. આ ચર્ચામાં કુલ ૭૦ સભ્યોએ (મંત્રીઓ સિવાય) ભાગ લીધો હતો. તારીખ ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૮, ૧૯ ૨૨, ૨૩ અને ૨૪મી માર્ચ, ૧૯૬૫ના રોજ અનુદાનો માટેની માંગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી, અને મત લેવામાં આવ્યા હતા. કુલ ૫૨ માંગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જેમાંની ૨૫ માંગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધી માંગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જૂઓ પત્રક ક્રમાંક-૮) કોઈ માંગણી ઉપર કાપદરખાસ્તની સૂચનાઓ આવી ન હતી.

સન ૧૯૬૪-૬૫ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક માનનીય નાયબ નાણાં મંત્રીશ્રીએ તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું. પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન તારીખ ૨જી અને ૩જી માર્ચ, ૧૯૬૫ના રોજ કરવામાં આવ્યાં હતાં. કુલ ૪૦ માંગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જેમાંથી ૯ પૂરક માંગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધી પૂરક માંગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જૂઓ પત્રક ક્રમાંક-૯) પૂરક માંગણીઓ ઉપર કોઈ કાપદરખાસ્તની સૂચના આવી ન હતી.

તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૫ સુધી આકસ્મિક ખર્ચ ફંડમાંથી મંજૂર થયેલી અને જેને માટેની પૂરક માંગણીઓનો સન ૧૯૬૪-૬૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક વિવરણ પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તેવી, પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક માનનીય નાણાં મંત્રીશ્રીએ તારીખ ૩જી માર્ચ, ૧૯૬૫ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂક્યું હતું.

તારીખ ૨જી એપ્રિલ, ૧૯૬૫ના રોજ માનનીય નાયબ નાણાં મંત્રીશ્રીએ સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેના વધારાના ખર્ચનું વિવરણ પત્રક રજૂ કર્યું હતું. વધારાની માંગણીઓ પર ચર્ચા અને મતદાન તારીખ ૮મી એપ્રિલ, ૧૯૬૫ના રોજ કરવામાં આવ્યાં હતાં. કુલ ૧૧ વધારાની માંગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જે બધી સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક ૧૦) આ વધારાની માંગણીઓ પૈકી માંગણી ક્રમાંક ૧૩, ૭૦-વન ઉપર કાપદરખાસ્તની એક સૂચના આવી હતી જે રજૂ કરવામાં આવી હતી પરંતુ ચર્ચા બાદ તે પાછી ખેંચી લેવામાં આવી હતી.

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

આ સત્ર દરમ્યાન ૨,૦૦૦ તારાંકિત પ્રશ્નો, ૩૦૦ અતારાંકિત પ્રશ્નો અને ૧૪૩ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક ૧૧, ૧૨ અને ૧૩માં આપવામાં આવી છે.

### અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે, સભાગૃહમાં પ્રશ્નોના અપાયેલા ઉત્તરોમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની પાંચ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી.

### બિન-સરકારી સંકલ્પો

અગાઉ નક્કી કરવામાં આવેલી સભાઓની તારીખવાર યાદી પ્રમાણે તારીખ ૧૯મી અને ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫ તેમજ તારીખ ૯ઠ્ઠી એપ્રિલ, ૧૯૬૫ એમ ત્રણ દિવસો બિન-સરકારી સંકલ્પો માટે નિયત કરવામાં આવ્યા હતા. પરંતુ પાછળથી તેમાં કેટલાક ફેરફારો થવાથી આખરે તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૯મી માર્ચ અને ૯ઠ્ઠી એપ્રિલ ૧૯૬૫ એમ ત્રણ દિવસોએ બિન-સરકારી સંકલ્પો ચર્ચા માટે લેવામાં આવ્યા હતા. બિન-સરકારી સંકલ્પોની બધી મળીને ૨૫૯ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૨૪૯ સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલા સંકલ્પોની વિગતો નીચે પ્રમાણે છે :—

(૧) રજૂ કરવામાં આવેલા પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૬૩ સંકલ્પો આવા જ હતા.) ... ... ... ... ૮

(૨) રજૂ કરવામાં આવેલા પરંતુ સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૪૬ સંકલ્પો આવા જ હતા.). ... ... ... ... ૫

(૩) રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા. ... ... ... ... —

(૪) નિયમ ૪૩ (૨) અને ૯૮ અનુસાર રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા. ... ૨

(૫) સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા. ... ... ... ૭૨

(જુઓ પત્રક ક્રમાંક-૧૪.)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૪ હેઠળની (અવિશ્વાસની દરખાસ્ત અંગેની) સૂચના

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૪ અન્વયે સરકારમાં અવિશ્વાસ દર્શાવતા પ્રસ્તાવની એક સૂચના આવી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવની સભાગૃહમાં ચર્ચા કરવા માટે તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ અનુમતિ માગી હતી. પ્રસ્તાવની ચર્ચા કરવા માટે સભાગૃહે અનુમતિ આપતાં તારીખ ૧૮ અને ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ કુલ બે દિવસ તેના પર ચર્ચા થઈ હતી. ચર્ચામાં કુલ ૩૦ સભ્યોએ (મંત્રીશ્રીઓ સિવાય) ભાગ લીધો હતો. ચર્ચાને છેલ્લે દિવસે એટલે તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ ચર્ચા પૂરી થયા બાદ પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવતાં તે નામંજૂર કરવામાં આવ્યો હતો.

## સભા મોકૂફીના પ્રસ્તાવો

સત્ર દરમિયાન સભા મોકૂફીના પ્રસ્તાવોની કુલ પાંચ સૂચનાઓ આવી હતી. તેમાંથી એક સૂચનાને ટૂંક સમયની ચર્ચા માટે નિયમ ૯૦ હેઠળ દાખલ કરવામાં આવી હતી. બાકીની સૂચનાઓને માનનીય અધ્યક્ષશ્રીએ સંમતિ આપી ન હતી.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે કુલ ૯ સૂચનાઓ આવી હતી. આમાં સભા મોકૂફીના પ્રસ્તાવની જે સૂચના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે દાખલ કરવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે. દાખલ કરવામાં આવેલ એક સૂચના સમયને અભાવે ચર્ચા માટે સભાગૃહમાં લઈ શકાઈ ન હતી. જ્યારે બીજી એક સૂચના સભાગૃહ સમક્ષ આવી ત્યારે લાગતાવળગતા સભ્યશ્રીએ જણાવ્યું હતું કે તેઓ ચર્ચા ઉપસ્થિત કરવા માગતા નથી.

બાકીનામાંથી બે સૂચનાઓ નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી (જૂઓ પત્રક ક્રમાંક ૧૫).

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા બાબતની કુલ ૩૮ સૂચનાઓ આવી હતી. તેમાંથી કુલ ૧૩ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આમાં બે સૂચનાઓ જે નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળ આવી હતી પણ નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે. લાગતા વળગતા મંત્રીશ્રીઓએ કુલ ૮ નિવેદનો કર્યા હતાં. જ્યારે ૪ સૂચનાઓ સમયને અભાવે સભાગૃહમાં લઈ શકાઈ ન હતી. (જૂઓ પત્રક ક્રમાંક-૧૬).

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૯ હેઠળનો સરકારી સંકલ્પ

આ સત્રમાં માનનીય મુખ્ય મંત્રી શ્રી બળવંતરાય ગો. મહેતાએ નીચે પ્રમાણેના સંકલ્પની સૂચના આપી હતી અને તે દાખલ કરવામાં આવી હતી :—

"આપણી સરહદના સંરક્ષણ માટે આપણા પોલીસદળના માણસો તથા સશસ્ત્રદળોના જવાનો તથા અધિકારીઓએ જે બહાદુરી પૂર્વક લડત આપી છે તે માટે આ સભાગૃહ તેમની અપ્રતિમ કામગીરીની ઉચ્ચ કદર કરે છે, તથા આપણી માતૃભૂમિનું ગૌરવ અને અખંડિતતા જાળવવા જેઓએ પોતાના પ્રાણની આહુતિ આપી છે તે શહીદોને ભાવભીની અંજલિ અર્પણ કરે છે.

ભારતની પવિત્ર ધરતી ઉપરથી આક્રમણકારોને હાંકી કાઢવા માટે ગુજરાતની સમગ્ર પ્રજાએ કરેલ અડગ નિર્ધારને આ સભાગૃહ આશા અને શ્રધ્ધા સાથે અભિપુષ્ટિ આપે છે."

This House places on record its high sense of appreciation of the valiant struggle of the Police Force as well as all men and Officers of the Armed Forces, while defending our frontiers, and pays its respectful homage to the martyrs who have laid down their lives in defending the honour and integrity of our mother-land, and with faith and hope, this House affirms the firm and united resolve of the people of Gujarat to drive out the aggressors from the sacred soil of India.

સંકલ્પ તારીખ. ૫મી મે, ૧૯૬૫ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રી બળવંતરાય ગો. મહેતાએ રજૂ કર્યો હતો. સંકલ્પની ચર્ચામાં કુલ ૧૨ સભ્યોએ (મંત્રીશ્રીઓ સિવાય) ભાગ લીધો હતો. ચર્ચાને અંતે માનનીય મુખ્ય મંત્રીશ્રીના જવાબ બાદ, સંકલ્પ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવતાં સર્વાનુમતે તે પસાર થયો હતો.

### વૈધાનિક પ્રસ્તાવ

સન ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૨૩ (૪) અન્વયેનો વિ. સ. સ. શ્રી. ગંગારામ રાવળ અને વિ. સ. સ. શ્રી શાંતુભાઈ પટેલનો પ્રસ્તાવ.

"This House resolves that the following amendment be made in the Gujarat Gram and Nagar Panchayat Taxes and Fees Rules 1964.

In rule 11, in sub-rule (*1*) for the words "by beat of drum in the gram or nagar or by publishing" substitute the words "in the case of a gram panchayat by beat of drum in the gram, and in the case of a nagar panchayat, by beat of drum in the nagar or by publishing."

આ પ્રસ્તાવ અધ્યક્ષશ્રીએ દાખલ કર્યો હતો પરંતુ સમયના અભાવે અધિવેશન દરમિયાન તેના પર ચર્ચા થઈ ન હતી.

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૪ હેઠળ અધિવેશનનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવની કુલ ત્રણ સૂચનાઓ આવી હતી, જેમાંની રાજ્યની માધ્યમિક શાળાઓને લગતી અનુદાન સંહિતા બાબતની વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાની સૂચના દાખલ કરવામાં આવી હતી. એક સૂચના નામંજૂર કરવામાં આવી હતી અને બાકી રહેલી ત્રીજી સૂચના પર સમયને અભાવે વિચારણા થઈ શકી ન હતી. દાખલ કરવામાં આવેલો પ્રસ્તાવ સભાગૃહમાં ચર્ચા માટે લેવામાં આવે તે પહેલાં લાગતા વળગતા સભ્યશ્રીએ તે પાછો ખેંચી લીધો હતો.

## વિધાનસભાના નિયમ ૪૫ હેઠળ માનનીય મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન

સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૫ હેઠળ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તા. ૨૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં રાજ્યની શાળાઓમાં અંગ્રેજી અંગે સરકારની નીતિ બાબતનું નિવેદન કર્યું હતું.

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચેની સમિતિઓની બેઠકો થઈ હતી :—

(૧) કામકાજ સલાહકાર સમિતિ.
(૨) બિન-સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ.
(૩) અંદાજ સમિતિ.
(૪) જાહેર હિસાબ સમિતિ.
(૫) સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિ.
(૬) ગૃહની બેઠકોમાંથી સદસ્યોની ગેરહાજરી બાબતની સમિતિ.
(૭) સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ.
(૮) ગ્રંથાલય સમિતિ.
(૯) ગુજરાત વિધાનસભાના નિયમો માટેની સમિતિ.

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા. :—

| અનુ-ક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો. | (૧) ૧૬--૨--૬૫<br>(૨) ૨૩--૨--૬૫<br>(૩) ૧૬--૩--૬૫<br>(૪) ૩૦--૩--૬૫<br>(૫) ૬--૪--૬૫<br>(૬) ૪--૫--૬૫. | |
| ૨. | બિન-સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિના અહેવાલો. | (૧) ઓગણીસમો અહેવાલ, ૧૭-૨-૬૫<br>(૨) વીસમો અહેવાલ. ૨૪-૩-૬૫<br>(૩) એકવીસમો અહેવાલ. ૫--૪--૬૫. | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩. | ગુજરાત ગૃહ નિર્માણ મંડળનો સન ૧૯૬૨-૬૩નો હિસાબી અહેવાલ. | ૧૬--૨--૬૫ | |
| ૪. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૩-૬૪નો વાર્ષિક અહેવાલ. | ૨૨--૨--૬૫ | |
| ૫. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનું સન ૧૯૬૫-૬૬નું અંદાજપત્ર. | ૨૩--૨--૬૫ | |
| ૬. | ભાવનગર પબ્લિક ડેરીનો સન ૧૯૬૩-૬૪નો અહેવાલ અને હિસાબ. | ૨૩--૨--૬૫ | ૯--૪--૬૫ |
| ૭. | તા. ૧૬-૮-૬૪થી તા. ૩૧-૧-૬૫ દરમિયાન સરકારે આપેલી બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક. | ૨૫--૨--૬૫ | |
| ૮. | અમદાવાદમાં તા. ૫-૮-૧૯૬૪ના રોજ પોલીસે કરેલા ગોળીબાર અને તા. ૫-૮-૧૯૬૪ના અને તા. ૬-૮-૬૪ના રોજ થયેલા બીજા બનાવો ઉપરનો ન્યાયમૂર્તિ શ્રી એન. કે. વકીલનો અહેવાલ. | ૧૫--૩--૬૫ | |
| ૯. | તા. ૪-૩-૬૫ના રોજ ૧૧મી તારાંકિત યાદીના સભ્યશ્રી ચંદુભાઈ ન. વસાવાના પ્રશ્ન ક્રમાંક ૯૮૭૧ (અગ્રતા ક્રમાંક-૧૮)ના અનુસંધાનમાં સભ્યશ્રી નાગજીભાઈ ગો. આર્યના પૂરક પ્રશ્નના જવાબમાં નાયબ મંત્રીશ્રી મહેસુલે આપેલી ખાતરી મુજબનું પત્રક. | ૨૫--૩--૬૫ | |
| ૧૦. | ગુજરાત ગૃહ નિર્માણ મંડળના સન ૧૯૬૧-૬૨, ૧૯૬૨-૬૩ અને સન ૧૯૬૩-૬૪ના વહીવટી અહેવાલો. | | ૧--૪--૬૫ |
| ૧૧. | ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૫-૬૬નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક (અંદાજ). | ૬--૪--૬૫ | |
| ૧૨. | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનો સન ૧૯૬૩-૬૪નો પ્રથમ વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ. | ૮--૪--૬૫ | ૩--૫--૬૫ |
| ૧૩. | ગૌણ વિધાન સમિતિનો ત્રીજો અહેવાલ. | ૯--૪--૬૫ | |
| ૧૪. | મંત્રીઓ, ઉપ-મંત્રીઓ, અને મુખ્ય મંત્રીના સંસદીય સચિવ માટેની આચાર સંહિતા. | ૯--૪--૬૫ | |
| ૧૫. | ભરૂચ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ સ્પીનીંગ મીલ્સ લી. ભરૂચ માટે સરકારે આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક. | ૩--૫--૬૫ | |
| ૧૬. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૬૨-૬૩નો હિસાબ તપાસણી અહેવાલ. | ૩--૫--૬૫ | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૭. | ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ લેન્ડ ડેવલપમેન્ટ બેન્ક લિ. ને સરકારે આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક. | ૪--૫--૬૫ | |
| ૧૮. | ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૩-૬૪ નો વાર્ષિક અહેવાલ. | | ૪--૫--૬૫ |
| ૧૯. | ગુજરાત વેર-હાઉસીંગ કોર્પોરેશનનો સન ૧૯૬૨-૬૩ નો અને ૧૯૬૩-૬૪નો વાર્ષિક અહેવાલ. | | ૪--૫--૬૫ |
| ૨૦. | ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૬૩-૬૪નો પ્રશાસકીય અહેવાલ. | ૫--૫--૬૫ | |
| ૨૧. | અંદાજ સમિતિનો નવમો અહેવાલ. | ૧૬--૩--૬૫ | ૫--૪--૬૫ |
| ૨૨. | અંદાજ સમિતિનો દસમો અહેવાલ. | ૧--૪--૬૫ | ૫--૪--૬૫ |
| ૨૩. | જાહેર હિસાબ સમિતિનો પાંચમો અહેવાલ. | ૧૨--૩--૬૫ | ૨--૪--૬૫ |
| ૨૪. | સન ૧૯૬૩-૬૪ માટેના ગુજરાત સરકારના નાણાંકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો સન ૧૯૬૫નો ઓડિટ રીપોર્ટ. | ૧૫--૩--૬૫ | |
| ૨૫. | સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિનો સાતમો અહેવાલ. | ૪--૩--૬૫ | |
| ૨૬. | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો સન ૧૯૬૫નો પ્રથમ અહેવાલ. | ૫--૫--૬૫ | |
| ૨૭. | નિયમો માટેની સમિતિનો અહેવાલ. | ૫--૫--૬૫ | |

## શોકદર્શક ઉલ્લેખ

ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના અવસાન અંગે તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૬૫ના રોજ તથા ગત વિધાનસભાના માજી સભ્ય શ્રી રામચંદ્ર છી. સોલંકીના અવસાન અંગે તા. ૩જી મે, ૧૯૬૫ના રોજ સભાગૃહમાં અંજલી આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું. તાજેતરમાં કચ્છની સરહદે પાકિસ્તાનના આક્રમણનો સામનો કરતાં જે પોલીસ દળના નવજવાનો અને ભારતીય સૈનિકો શહીદીને વર્યા હતા તેમને તા. ૩જી મે, ૧૯૬૫ના રોજ સભાગૃહે બે મિનિટ મૌન પાળીને અંજલી આપી હતી.

## વિભાજન

અધિવેશન દરમ્યાન બે વખત વિભાજનની માંગણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક ૧૭)

## સભાત્યાગ

(૧) તા. ૧૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ હિસાબના મુખ્ય સદર ૩૪-સહકારની માંગણી ઉપરની ચર્ચા દરમ્યાન સ્વતંત્ર પ્રાગતિક જૂથના નેતા શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે સભાત્યાગ કર્યો હતો.

(૨) તા. ૨૫મી માર્ચ, ૧૯૬૫ના રોજ પ્રશ્ન ક્રમાંક ૯૯૦૧ની પ્રશ્નોત્તરી દરમ્યાન વિરોધપક્ષના કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો હતો.

### વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| ૧. | ૧૩૩ શાળાઓ તેમજ સંસ્થાઓમાંથી આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... | ૭૮૦૪ |
| ૨. | સંસ્થા તરફથી આવેલા પ્રેક્ષકો સિવાય પ્રેક્ષક દીર્ઘાના પ્રેક્ષકોની સંખ્યા ... | ૫૯૬૨ |
| ૩. | અધ્યક્ષ દીર્ઘાના પ્રેક્ષકોની સંખ્યા ... ... ... | ૩૩૨૯ |
| ૪. | અતિથિ વિશેષ દીર્ઘાના પ્રેક્ષકોની સંખ્યા ... ... ... | ૩૭૨ |
| | કુલ પ્રેક્ષકોની સંખ્યા ... | ૧૭,૪૬૭ |

### પત્રક ક્રમાંક-૧

**સન ૧૯૬૫ના પ્રથમ અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ.**

#### સોમવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. રાજ્યપાલશ્રીએ સભાગૃહને સંબોધન કર્યું.

૨. શ્રી ગોકળદાસ ડો. પરમારે રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો. તેનું શ્રી સુલેમાન યુ. ઉનિયાએ સમર્થન કર્યું.

૩. અધ્યક્ષશ્રીએ આભાર પ્રસ્તાવ પરના સુધારા અંગેની સૂચનાઓના સ્વીકાર માટેની સમય મર્યાદા જાહેર કરી.

૪. સચિવશ્રીએ જે પાંચ વિધેયકોને રાષ્ટ્રપતિની અનુમતિ મળી હતી તેમજ જે ૭ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં શીર્ષક વાંચી સંભળાવ્યાં.

#### મંગળવાર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૨૮૬, ૮૩૮૮, ૭૮૩૮, ૭૮૮૧, ૮૩૭૩, ૮૫૭૫, ૬૯૬૪, ૭૩૯૬, ૮૨૨૩, ૮૬૪૪, ૬૫૦૬, ૮૪૧૩, ૮૯૨૩, ૭૮૨૭, ૮૩૫૮, ૮૩૯૨, ૮૫૫૦, ૮૮૦૧, ૭૫૬૭, ૭૫૨૧ (છેલ્લા બે સાથે), ૮૭૪૧, ૮૫૩૬ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૬૧૦, ૮૪૪૨, ૮૮૩૯, ૮૫૦૯ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૮૫૯૧, ૯૦૬૨, ૮૭૪૨, ૮૭૧૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની નામસૂચિ પર ૪ સભ્યોની નિમણૂક કરી.

૩. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ હાલના મંત્રી મંડળમાં અવિશ્વાસ જાહેર કરતો પ્રસ્તાવ રજૂ કર્યો. "શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ તેની વિરોધ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે પોઈન્ટ ઓફ ઓર્ડરનો વિરુધ્ધ કર્યો. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજુર કર્યો. અવિશ્વાસ વ્યક્ત કરતો પ્રસ્તાવ રજૂ કરવા માટે ગૃહની પરવાનગી મળી.

શ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલના નિયમ ૮૪ (૩) ના પ્રબંધો વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાની અવિશ્વાસની દરખાસ્તને લાગુ પડતા હોય ત્યાં સુધી તહકૂબ રાખવાના પ્રસ્તાવને ગૃહે મંજૂર રાખ્યો.

૪. પંચાયત ખાતાના નાયબ મંત્રીશ્રીએ સને ૧૯૬૫નો અધ્યાદેશ ક્રમાંક—૨ વિધાનસભાના મેજ પર મૂક્યો.

૫. ખેતીવાડી અને મહેસૂલ ખાતાના મંત્રીશ્રીએ સને ૧૯૬૫નો અધ્યાદેશ ક્રમાંક-૧ વિધાન સભાના મેજ ઉપર મૂક્યો.

૬. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિ ઉપર પાંચ સભ્યોની નિમણૂક કરી.

૭. ગૃહ નિર્માણ ખાતાના મંત્રીશ્રીએ ગુજરાત ગૃહ નિર્માણ મંડળનો સન ૧૯૬૨-૬૩નો હિસાબી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૮. સરકારી વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૬૫નું ગુજરાત પંચાયત અને ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વિધેયક રજૂ થતાં શ્રી રમણલાલ ના. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો જેને શ્રી દિવ્યકાંત કું. નાણાવટી તેમજ શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે ટેકો આપ્યો. કાયદા મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈએ તેનો વિરોધ કર્યો. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. ત્યારબાદ શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે નિયમ ૧૦૩ અને ૧૦૯ અન્વયે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો જે અધ્યક્ષશ્રીએ નામંજૂર કર્યો. નાયબ પંચાયતમંત્રીશ્રીએ વિધેયક દાખલ કર્યું. પહેલા વાચન પરની ચર્ચા અધૂરી રહી.

૯. તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સભાગૃહે તે મંજૂર રાખી.

### બુધવાર, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૧૯૭, ૮૫૭૧, ૭૫૭૪, ૮૬૪૨, ૮૩૪૯, ૮૯૧૪, ૭૬૦૦, ૮૯૯૮, ૬૭૯૮, ૮૭૩૯, ૭૪૮૯, ૮૯૯૦, ૮૬૫૨, ૯૧૭૫, ૭૩૩૩, ૯૧૧૧, ૮૬૦૮, ૮૪૩૭, ૮૪૬૭ (છેલ્લા બે સાથે) ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૮૭૭૭, ૯૦૦૬, ૭૩૦૪, ૮૭૬૦, તેમજ સભ્યના અભાવે પ્રશ્નો ૯૦૨૦, ૮૮૨૧, ૮૬૨૦, ૮૮૮૭, ૮૮૩૩ તેમજ ૮૯૬૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૮૧૫૬ મુલતવી રાખવામાં આવ્યો.

૨. બિન-સરકારી વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો ઓગણીસમો અહેવાલ સભાગૃહે મંજૂર રાખ્યો.

૩. શ્રી જશભાઈ ચુ. પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ગણોતધારા અન્વયે જમીન માલિકોની જમીનો ન્યાયાધિકરણે ઠરાવેલી કિંમતથી ગણોતિયાઓને આપી દેવામાં આવી છે, પરંતુ ગણોતિયાઓ આ કિંમત અથવા તેના હપ્તા સમયસર ચૂકવતા નથી અને પરિણામે જમીન માલિકો મુશ્કેલીમાં મુકાયા છે. આથી જમીન માલિકોની ગણોતિયાઓ પાસે બાકી રહેતી રકમ લેન્ડ ડેવલપમેન્ટ બેન્કે તાત્કાલિક

ચૂકવી આપી, ગણોતિયાઓ પાસેથી હપ્તેથી વસૂલ કરવાની ગોઠવણ કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ પર મતદાન કરવામાં આવ્યું. તરફેણમાં ૧૯ અને વિરૂધ્ધમાં ૯૩ મતે સંકલ્પ નામંજૂર થયો.

૪. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યની અનાજની ખાધને લક્ષમાં લેતાં વધુ અનાજ ઉત્પન્ન થાય તે માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવું જરૂરી છે. આ હેતુ બર લાવવા માટે સિંચાઈ તથા વીજળીના દરોમાં રાહત આપવા તથા ખેડૂતોને અનાજના લાભદાયી ભાવોની બાંહેધરી આપવાના પ્રશ્ન ઉપર વિચારણા કરી યોજના તૈયાર કરવા માટે વિધાનસભાગૃહના ૫ સભ્યોની એક સમિતિ નીમવા આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવતાં તે નામંજૂર થયો.

૫. શ્રી ચીમનભાઈ હ. અમીને સંકલ્પ રજૂ કર્યો કે વડોદરા જિલ્લાના કરજણ અને સિનોર તાલુકામાં આવેલાં કેટલાંક ગામોની ફળદ્રુપ જમીનોમાં નર્મદા નદીનાં કોતરોને લીધે દિન-પ્રતિદિન ધોવાણ વધતું જાય છે. વળી નદીનાં કોતરો મોટાં થતાં જાય છે. અને નદીની ભેખડો ઉપર આવેલાં કેટલાંક ગામોનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે. આ પરિસ્થિતિના નિવારણ માટે આ કોતરોની જમીન નવસાધ્ય કરીને ખેડાણ હેઠળ લાવવા તૂટતાં ગામડાં બચાવવા અને જમીનનું ધોવાણ અટકાવવા માટે જરૂરી પગલાં લેવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે. ચર્ચા બાદ ગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૬. શ્રીમતી હીરાબેન લા. નિનામાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યની મોટાભાગની વસતિ ગામડાં-ઓમાં રહે છે. આ લોકોની આર્થિક પરિસ્થિતિ ઘણી ખરાબ હોવાથી તેઓ શિક્ષણ અંગેના ખર્ચનો બોજો સહન કરી શકે તેમ નથી. વળી રાજ્યની જાહેર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૭માં મફત શિક્ષણની શરૂઆત થતાં લોકોની શિક્ષણ અંગેની ભૂખ ઊઘડી છે. તેવે સમયે તેમને શિક્ષણમાં વિશેષ રાહતની જરૂર રહે છે. માધ્યમિક શિક્ષણમાં રૂા. ૧૨૦૦થી ઓછી આવકવાળાં વાલીઓનાં બાળકોને મફત છાત્રવૃત્તિ આપવાનું ધોરણ છે, પરંતુ આવક અંગેના દાખલા મેળવવામાં વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી નડે છે. ઉપરાંત આટલી સવલતથી રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ઝડપી વિકાસ સાધી શકાય તેમ જણાતું નથી. આ સંજોગોમાં રાજ્યમાં માધ્યમિક શાળાઓમાં પણ મફત શિક્ષણ આપવાની જોગવાઈ કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ત્યારબાદ સંકલ્પ સભાગૃહની મંજૂરીથી પાછો ખેંચી લેવાનો પ્રસ્તાવ મુકાતાં અમુક સભ્યોએ સંમતિ ન આપી. સંકલ્પ સભાગૃહના મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર થયો.

૭. યુવરાજ શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજીએ સંકલ્પ રજૂ કર્યો કે દ્વિભાષી મુંબઈ રાજ્યના વખતમાં સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાઓનાં નામ જે ઐતિહાસિક અને ત્યાંની સંસ્કૃતિને અનુરૂપ હતાં તે બદલીને નવાં નામ આપવામાં આવ્યાં હતાં. રાજ્યના બીજા જિલ્લાઓના મૂળ નામ ચાલુ રાખવામાં આવ્યાં છે તે જ રીતે સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાઓ પણ જૂનાં નામથી જ ઓળખાવાં જોઈએ તેમ આ વિધાનસભાગૃહ માને છે. આથી આ જીલ્લાઓને આપેલાં નવાં નામ રદ કરીને મૂળ હતાં તે નામ આપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. મત લેવાતાં તે નામંજૂર થયો.

## ગુરૂવાર, ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૧૮૪, ૮૫૫૨, ૮૯૦૫, ૮૬૮૭, ૮૪૦૩ (છેલ્લા બે સાથે), ૭૧૩૫, ૭૯૭૧, ૯૬૯૨ (છેલ્લા બે સાથે), ૮૯૮૯, ૯૦૪૦, ૮૮૪૬, ૮૨૬૧, ૬૮૦૭, ૭૨૩૪, ૭૯૮૫, (છેલ્લા બે સાથે) ૫૨૭૯, ૯૦૯૧, ૧૦૦૦૨, (છેલ્લા બે સાથે) ૯૨૭૫, ૮૩૯૧, ૮૧૩૬, ૮૮૯૭, ૮૮૩૭, ૯૬૪૨, ૯૦૦૦ (છેલ્લા બે સાથે) ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૮૪૦, ૮૨૦૭, ૮૦૮૭ તેમજ સમયના અભાવે પ્રશ્ન ક્રમાંક ૯૦૭૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૦૮૧ નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ મંત્રી મંડળમાં અવિશ્વાસ જાહેર કરે છે. પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ અને ચર્ચા અધૂરી રહી.

### શુક્રવાર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૧૩૦, ૮૩૫૨, ૮૭૧૨, ૮૫૨૬, ૯૯૧૪ (છેલ્લા ચાર સાથે) ૮૨૧૨, ૭૨૮૩, ૭૦૭૦, ૯૨૮૧, ૯૩૧૩, ૯૩૯૧, ૯૫૨૨, ૯૧૨૨, ૬૬૭૬, ૮૭૬૮, ૯૬૫૩, ૮૦૮૯ ૯૨૮૯, ૮૬૬૬, ૮૦૯૭, ૯૪૮૧, ૯૨૬૯, ૯૭૦૧, ૮૭૬૯, ૪૪૬૬ અને ૯૦૪૯ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૧૦૨, ૮૭૫૯, ૯૨૬૦, ૮૪૬૧ અને ૯૦૫૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. શ્રી મનુભાઈ હ. પાલખીવાળાએ, નિયમ ૯૪ અન્વયે, તાજેતરમાં અમદાવાદ શહેર સહિત અમદાવાદ જિલ્લામાં અને રાજ્યના અન્ય વિસ્તારોમાં કોલેરાના વ્યાપક ફેલાવાના કારણે તેનો ભોગ બનેલા અનેક શખસો અને રોગચાળાને અંકુશમાં લેવા માટે સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતી દરખાસ્ત અંગેની ચર્ચા બીજે દિવસે ચાલુ રહી. ચર્ચાનો જવાબ નાગરિક પુરવઠા મંત્રીશ્રી તથા મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. અવિશ્વાસનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર થયો.

### સોમવાર, ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧ પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૮૮૨, ૯૨૮૬, ૯૨૩૫, ૯૫૯૦, ૯૮૧૬, ૮૯૯૩, ૯૨૦૨, ૮૮૩૪, ૯૫૦૧, ૮૮૫૫, ૧૦૮૦, ૯૧૩૪, ૯૪૦૭, ૯૬૪૦, ૭૮૦૬, ૮૫૮૭, ૯૦૬૫, ૯૨૮૮, ૯૩૦૪, ૯૮૨૬, ૯૪૬૦, ૯૭૧૩, ૯૬૫૨, ૯૧૦૭, ૯૪૬૨, ૯૭૪૦, ૯૧૬૧ અને ૯૬૦૫ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૦૪૬૪ તેમજ પ્રશ્નો ક્રમાંક ૮૫૮૩, ૯૮૫૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. કામદાર મંત્રીશ્રીએ ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૩-૬૪નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૩. નાયબ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૪-૬૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ કાપદરખાસ્ત સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો.

૪. શ્રી દિવ્યકાન્ત કું. નાણાવટીએ પોઈન્ટ ઓફ એકસપ્લેનેશન ઉઠાવ્યો કે રાજ્યપાલના સંબોધનની અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી નકલોમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન સાથેની ચર્ચા બાબતમાં વિરોધાભાસ છે, તો સાચું શું માનવું ? શિક્ષણ મંત્રીશ્રીએ તેનો ખુલાસો કર્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં ભાષણોની સમયમર્યાદા સંબંધી અધ્યક્ષશ્રીએ માર્ગ-દર્શન આપ્યું.

વિરોધપક્ષના સભ્યશ્રીઓએ આભાર પ્રસ્તાવ પર આપેલા સુધારાઓ રજૂ ન કર્યા. ત્યારબાદ ચર્ચા શરૂ થઈ. ૧૭ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

### મંગળવાર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૪૭૦નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૪૪૩, ૬૩૩૫, ૬૪૯૧ (છેલ્લા બે સાથે), ૯૭૫૩, ૮૯૩૨, ૯૧૧૭, ૯૩૪૨, ૯૪૮૦, (છેલ્લા બે સાથે) ૯૩૬૯, ૯૩૮૨, ૮૮૪૪, ૯૨૦૮, ૯૩૬૨, ૯૩૯૬, ૯૫૦૫, ૯૫૧૨, ૯૮૧૭, ૮૯૧૮, ૯૪૪૬, ૯૫૮૪ (છેલ્લા બે સાથે) ૮૪૬૯, ૯૪૨૧, ૯૩૯૯, ૯૪૪૯, ૯૬૧૬, ૯૨૫૮, ૯૬૩૦, તેમજ ૯૬૩૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૫૪૭ તેમજ ૯૩૦૨ અતારાંકિત ગણાવામાં આવ્યા.

૨. નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનું સન ૧૯૬૫-૬૬નું અંદાજ-પત્ર વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૩. મહેસૂલ અને ખેતીવાડી ખાતાના મંત્રીશ્રીએ ભાવનગર પબ્લિક ડેરીનો સન ૧૯૬૩-૬૪નો અહેવાલ અને હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચામાં વધુ ૨૪ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૫. તા. ૨૩મી ફેબ્રુઆરી ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સભાગૃહે તે મંજૂર રાખી.

### બુધવાર, ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૯૨૫, ૯૨૯૪, ૯૩૨૧, ૯૫૦૯, ૭૮૩૨, ૭૭૭૯, ૮૬૦૯, ૮૮૭૧, ૯૧૫૫, ૯૧૭૯, ૯૨૧૩, ૯૨૮૫, ૯૫૫૭, ૯૬૨૧, ૯૨૩૭, ૯૩૪૪, ૯૪૩૩, ૯૫૧૧, ૮૮૩૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૨૦૦, ૭૩૩૦, ૮૫૪૮, ૯૫૨૬, ૮૨૦૬ તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૯૧૪૩, ૮૮૭૯, ૯૪૨૬, ૯૫૬૨, ૯૭૭૪ તેમજ ૯૮૮૨ અતારાં-કિત ગણવામાં આવ્યા.

૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચામાં વધુ ૧૪ સભ્યોએ અને ગૃહ મંત્રીશ્રીએ ભાગ લીધો. ત્યારબાદ આભાર પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

### ગુરૂવાર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. મુખ્ય મંત્રીશ્રીએ તા. ૧૬-૮-૧૯૬૪થી તા. ૩૧-૧-૬૫ દરમ્યાન સરકારે આપેલી બાંહે-ધરીઓની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૨. સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેનું ગુજરાત રાજ્યનું અંદાજપત્ર રજૂ થયું.

### શુક્રવાર, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૫૧૦ તેમજ આઠમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૯૫૭૫, ૮૦૯૫, ૬૩૫૨, ૯૪૧૩, ૯૪૯૩, ૯૦૫૭, ૯૩૪૧, ૯૪૩૪, ૬૧૦૧, ૯૮૧૮, ૯૬૦૩, ૯૬૬૩, ૮૪૪૫, ૯૪૩૦, ૯૪૯૬, ૯૪૩૬, ૯૫૯૩, ૯૭૬૩, ૯૦૬૬, ૯૫૦૦, ૯૭૭૧, ૯૧૦૮, ૯૫૬૦, ૯૧૮૬, અને ૯૬૯૯ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૨૭૮, ૯૨૨૬, ૯૯૫૫ અને ૯૯૫૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૯૬૩૯નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

સન ૧૯૬૫નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧--સન ૧૯૬૧નું ગુજરાત પંચાયત અને ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વિધેયક પરની તા. ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. વિધેયક પસાર કરવામાં આવ્યું.

૩. સન ૧૯૬૫નું ગુજરાત બાકી રહેલાં સ્વત્વાપણો નાબૂદ કરવા બાબતનું (સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૮મું) પસાર કરવામાં આવ્યું.

### મંગળવાર, ૨જી માર્ચ, ૧૯૬૫

તા. ૨૩મી ફેબ્રુઆરી ૧૯૬૫ના રોજ મુલતવી રાખવામાં આવેલા ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૪૭૭, ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૦૫૦૯, ૧૦૫૬૦, તેમજ નવમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૪૯૮, ૮૫૩૫, ૯૭૨૯, ૯૩૨૪, ૯૩૪૬, ૯૩૭૫, ૯૩૭૬ (છેલ્લા ત્રણ સાથે) ૯૫૩૧, ૯૫૪૧, (છેલ્લા બે સાથે) ૮૦૯૮, ૮૮૮૩, ૯૩૫૮, ૯૮૦૯, ૯૪૩૯, ૯૭૩૦, ૯૪૦૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૪૮૩ ૯૦૯૬, તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૯૮૧૦, ૯૫૮૭, ૯૭૩૭, ૯૪૨૦, ૧૦૦૪૮, ૯૬૯૦, ૯૬૯૧, ૯૬૯૭, ૯૯૫૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૯૧૨૮ પાછો ખેંચાયો હોવાથી રજૂ ન થયો.

મુખ્ય મંત્રીશ્રીએ પૂરક માગણીઓ અંગેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી. પૂરક માગણીઓ પર ચર્ચા શરૂ થતાં પહેલાં અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા વિશે ગૃહમાં ખુલાસો કર્યો. હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" "૩૧-ખેતી" "૭૦-વન" "૧૧૯-વન ઉપર ખર્ચેલી મૂડી", "૩૪-સહકાર" "૭૧--પરચૂરણ" "૫૦-રાજ્ય બાંધકામો અને "૧૦૩-રાજ્ય બાંધકામો પર ખર્ચેલી મૂડી" અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. સદરહુ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### બુધવાર, ૩જી માર્ચ, ૧૯૬૫

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૪૬૯નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

તારીખ ૨જી માર્ચ ૧૯૬૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલી નવમી તારાંકિત યાદીમાંથી બાકી રહેલા પ્રશ્ન ક્રમાંક ૯૩૯૪ અને ૯૫૩૭ તેમજ દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૯૬૨, ૫૧૭૫, ૮૮૨૫, ૯૨૦૧, ૯૩૭૪, ૯૨૫૫, ૯૫૨૮, ૯૨૫૦, ૯૬૨૯, ૯૨૩૮, ૯૪૪૪, ૯૪૭૩, ૯૮૪૨, ૯૫૯૪, ૮૮૦૬, ૧૦૦૬૮, ૯૭૯૭, ૯૪૩૨, ૯૫૩૨, ૯૭૨૨, ૯૨૭૭, ૯૬૯૫, તેમજ ૯૫૭૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૭૬૦, ૯૨૭૬, ૯૧૩૦, તેમજ સમયના અભાવે પ્રશ્નો ક્રમાંક ૯૭૨૪, ૯૭૦૩, ૯૭૦૯, અને ૯૭૩૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. મુખ્યમંત્રીશ્રીએ તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૫ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલી અને જેને માટેની પૂરક માગણીઓનો સન ૧૯૬૪-૬૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક વિવરણપત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી, તેવી પેશગીઓ દર્શાવતું વિવરણપત્રક સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા અને છેલ્લા દિવસે ચાલુ રહ્યું. હિસાબના મુખ્ય સદર "૨૮--શિક્ષણ" અંગેની માગણી રજૂ કરવામાં આવી. ચર્ચા બાદ માગણી મંજૂર થઈ.

૪. સાંજના ૪-૦૦ વાગે બાકીની બધી પૂરક માગણીઓ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી અને કોઈપણ ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

## ગુરૂવાર, ૪થી માર્ચ, ૧૯૬૫

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૪૭૬ તેમજ અગિયારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૪૩૫, ૯૪૫૮, ૯૫૦૬, ૮૮૫૨, ૯૬૩૮, ૯૮૪૧, ૭૩૯૮, ૮૬૦૧, ૯૮૩૩, ૯૭૪૫, (છેલ્લા બે સાથે) ૮૮૭૦, ૯૨૭૯, ૯૪૬૩, (છેલ્લા બે સાથે) ૯૩૮૩, ૯૮૭૧, ૯૫૬૯, ૯૮૪૫, ૯૮૮૬, ૧૦૦૯૫, ૯૪૭૦, ૯૫૭૭, ૯૭૬૦, ૯૪૭૬, ૯૭૯૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૬૫૬, ૯૫૪૪, ૮૯૬૨, ૯૪૮૮ અને ૯૭૫૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૮૮૪૮ મુલતવી રાખવામાં આવ્યો.

૨. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૩. વિ. સ. સ. શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટે ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉઠાવ્યો કે ગૃહ મંત્રીશ્રીએ કચ્છના સરહદી વિસ્તાર અંગે આ સભાગૃહમાં કરેલા નિવેદન અને લોકસભામાં કેન્દ્ર સરકારના વિદેશમંત્રી શ્રી સ્વર્ણસિંઘે કરેલા નિવેદનમાં વિરોધાભાસ છે. ગૃહમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈએ તેનો જવાબ આપ્યો. અધ્યક્ષશ્રીએ આ અંગેનો નિર્ણય મુલતવી રાખ્યો.

૪ નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું :—

સન ૧૯૬૫નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક (૧૯૬૫નું ૧૧મું)

૫. સન ૧૯૬૫-૬૬ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થઈ. ચર્ચા અધૂરી રહી.

## શુક્રવાર, ૫મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૫૮૩ તેમજ બારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૧૪૦, ૭૮૭૨, ૮૫૬૯, ૯૩૩૬, ૮૬૫૫, ૯૬૬૯, ૯૫૪૮, ૯૦૩૮, ૯૩૩૦, ૮૯૧૨, ૯૧૬૭ (છેલ્લા

બે સાથે), ૧૦૦૭૪, ૮૦૮૦, ૯૩૭૯, ૮૬૩૧, ૯૩૯૨, ૮૬૯૦, ૯૫૯૮, ૯૦૯૨, ૯૬૨૦, ૯૫૭૩, ૯૩૩૪, ૯૩૧૭, ૯૪૧૫, ૯૭૬૮, ૯૭૮૧, ૯૮૨૨ અને ૯૮૬૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૮૯૮૮ અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૯૯૯૬નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

૨. સન ૧૯૬૫-૬૬ના અંદાજપત્ર પરની ચર્ચા બીજે દિવસે ચાલુ રહી. ચર્ચા અધૂરી રહી.

૩. સરકારે આપેલી ખાતરીઓ ઉપરની સમિતિની અધ્યક્ષશ્રીએ નિમણૂક કરી.

૪. યુવરાજ શ્રી. મનોહરસિંહજી પ્ર. જાડેજાએ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ ગૃહમાં ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે "રઢિયાળ" કે "રેઢિયાળ" શબ્દનો ઉપયોગ ગૃહમાં ન કરવો જોઈતો હતો.

૫. તારીખ ૪થી માર્ચ, ૧૯૬૫ના રોજ વિ. સ. સ., શ્રી નરભેશંકર ના. પાણેરીએ રજૂ કરેલી ઔચિત્યભંગની સૂચના પરનો નિર્ણય જાહેર કરતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તારીખ ૩જી માર્ચ, ૧૯૬૫ના રોજ વાહન વ્યવહાર મંત્રી, શ્રી વજુભાઈ મ. શાહે તેમના ખાતાને લગતી પૂરક માગણી થઈ ત્યારે સભાગૃહમાં હાજર રહી ન શકવા બાબત અધ્યક્ષશ્રીની પરવાનગી માગી હતી એટલે ઔચિત્યભંગનો સવાલ ઊભો થતો નથી.

૬. તા. ૪થી માર્ચ, ૧૯૬૫ના રોજ વિ. સ. સ. શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કરેલી ઔચિત્યભંગની સૂચના પરનો નિર્ણય જાહેર કરતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વાહન વ્યવહાર મંત્રી, શ્રી વજુભાઈ મ. શાહે સભાગૃહનું અધિવેશન ચાલતું હોય ત્યારે સભાગૃહની બહાર "રાજ્યના રસ્તાઓના બાંધકામ માટે રોડ કોર્પોરેશન ઊભું કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ છે," એમ કહીને સરકારના કોઈપણ નિર્ણયની જાહેરાત કરી નથી, તેથી સભાગૃહના ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૭. આજરોજ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન વિરોધપક્ષના સભ્યોએ જે માહિતી આપવી જાહેર હિતમાં નથી તેમ સરકારે કહ્યું તે માહિતી મેળવવા આગ્રહ કર્યો હતો અને તે માહિતી ગુપ્ત રાખવા માટેનાં કારણો જાણવા પણ આગ્રહ કર્યો હતો. તે બાબતમાં અધ્યક્ષશ્રીએ હાઉસ ઓફ કૉમન્સ, સેન્ટ્રલ લેજીસ્લેટિવ એસેમ્બલી, લોકસભા તેમજ જૂની મુંબઈ વિધાનસભાના અધ્યક્ષશ્રીઓના નિર્ણયો ટાંકી નિર્ણય આપ્યો કે સરકાર જે માહિતી જાહેર હિતમાં ગુપ્ત રાખવા ઈચ્છે તે માહિતી આપવા તેને ફરજ પાડી શકાય નહિ અને તે માટે તેને કારણો દર્શાવવાની પણ ફરજ પાડી શકાય નહિ.

## સોમવાર, ૮મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૫૪૭ તેમજ તેરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૬૧૯, ૯૩૧૭, ૯૯૮૪, ૭૭૦૮, ૯૦૮૩, ૯૨૭૧, ૯૮૩૨, ૯૭૪૬, ૧૦૧૪૨ (છેલ્લા બે સાથે), ૯૬૪૭, ૯૮૫૧, ૯૯૫૮, ૯૬૪૯, ૧૦૧૩૩ તેમજ ૯૯૪૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૦૬૧, ૯૫૧૬, ૯૬૦૪ તેમજ ૯૭૨૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૯૫૮૬નો અશંત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

૨. સન ૧૯૬૫-૬૬ના અંદાજપત્ર પરની ચર્ચા ત્રીજે દિવસે ચાલુ રહી. ચર્ચા અધૂરી રહી.

**મંગળવાર, ૯મી માર્ચ, ૧૯૬૫**

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૦૫૫૨, ૧૦૫૬૬, તેમજ ચૌદમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૫૭૪, ૯૩૭૩, ૮૯૫૦, (છેલ્લા બે સાથે) ૮૩૪૪, ૮૯૪૧, ૯૦૮૨, ૯૫૬૭, ૯૬૮૧, ૧૦૦૫૨, ૯૮૭૦, ૧૦૨૨૦, ૯૭૧૧, ૯૯૬૦, ૯૬૮૫, ૯૭૩૮, ૯૭૭૦, ૯૯૦૦, ૯૯૦૫, તેમજ ૯૯૩૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૯૩૨૦ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. સન ૧૯૬૫-૬૬ના અંદાજપત્ર પરની ચર્ચા ચોથા દિવસે ચાલુ રહી. ચર્ચા પૂરી થઈ.

**બુધવાર, ૧૦મી માર્ચ, ૧૯૬૫**

૧. પંદરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૮૧૩, ૧૦૦૨૪, ૮૭૯૮, ૮૯૮૧, ૯૪૬૫, ૧૦૧૪૫, ૯૫૦૩, ૯૬૪૧, ૯૮૭૩, ૮૨૫૯, ૮૦૫૬, ૮૫૧૫, ૯૮૨૭, ૯૧૫૯, ૯૫૧૦, ૯૭૬૧,૧૦૦૫૫, ૧૦૦૬૪, અને ૧૦૦૮૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૮૩૫૪ અતારાંકિત ગણવામાં આવ્યો.

બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. માગણીઓ પર મતદાન શરૂ થયું. ખાતાના મુખ્ય સદર "૯-જમીન મહેસૂલ", "૭૦-વન," "૧૧૯-વનો ઉપર ખર્ચેલી મૂડી" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી.

શ્રી રતિભાઈ ઉ. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે હિસાબના મુખ્ય સદર "૩૧-ખેતી" હેઠળની માગણીઓમાં અમુક નવી સેવાઓ અંગે પ્રબંધ કરવામાં આવ્યો છે તે છતાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૧૧ અન્વયે તે અંગે આપવાની માહિતી સભ્યશ્રીઓને આપવામાં આવી નથી અને તે રીતે નિયમનું પાલન થયું નથી. અધ્યક્ષશ્રીએ સરકાર પક્ષને સાંભળ્યા પછી પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ત્યારપછી શ્રી રમણલાલ ના. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ બાબતમાં નિયમ ૨૧૧માં કોઈ નાણાકીય મર્યાદાઓ મૂકવામાં આવી નથી તેથી સરકાર હુકમ કરીને મર્યાદાઓ બાંધી શકે નહિ. અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય મુલતવી રાખ્યો.

બધી માગણીઓ પર સામાન્ય ચર્ચા શરૂ થઈ. ચર્ચા માગણીઓ મંજૂર કરવામાં આવી.

**ગુરૂવાર, ૧૧મી માર્ચ, ૧૯૬૫**

૧. સોળમી તારાંકિત યાદીમાંનો પ્રશ્નો ક્રમાંક ૯૧૫૦, ૯૬૭૭, ૯૮૨૦, ૯૨૪૯, ૯૮૪૯, ૯૮૭૨, ૯૯૭૦, ૬૮૯૭, ૮૩૬૧, ૮૮૦૦, ૯૩૫૩, ૯૦૪૭, ૯૯૨૦, ૯૮૨૯, ૧૦૦૮૯, ૯૩૭૮, ૯૨૬૮, ૯૯૫૪ તેમજ ૮૮૮૬ના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૯૫૧૩ મુલતવી રાખવામાં આવ્યો.

૨. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ ઔચિત્યભંગનો પ્રશ્ન રજૂ કર્યો કે કચ્છના સરહદી વિસ્તાર અંગે આ ગૃહમાં ઉપસ્થિત થયેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન પર જ્યારે અધ્યક્ષશ્રીનો નિર્ણય મુલતવી રહ્યો હોય ત્યારે ગૃહ સચિવશ્રીએ આ બાબત અંગે પ્રેસ બ્રીફિંગ કરીને ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. ગૃહ મંત્રીશ્રીએ તેમનાં મંતવ્યો રજૂ કર્યા બાદ અધ્યક્ષશ્રીએ ઔચિત્યભંગનો પ્રશ્ન નામંજૂર કર્યો.

૩. માગણીઓ પર મતદાન બીજા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" હેઠળ માગણી રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રીએ ગઈ કાલે શ્રી રમણલાલ ના. પટેલ તરફથી નવી સેવાઓ અંગે ઉપસ્થિત થયેલા પોઈન્ટ ઓફ ઓર્ડર પરનો મુલતવી રાખવામાં આવેલો નિર્ણય આપ્યો અને પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ત્યારબાદ માગણી પર સામાન્ય ચર્ચા થઈ. માગણી મંજૂર કરવામાં આવી.

## શુક્રવાર, ૧૨મી માર્ચ, ૧૯૬૫

૧. સત્તરમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૪૨૫, ૯૨૪૭, ૯૬૩૧, ૬૪૦૭, ૯૦૯૮, ૯૯૯૪, ૮૮૭૪, ૯૦૭૬, ૯૫૫૨, ૯૭૪૯, ૯૮૭૯, ૯૨૩૧, ૯૯૪૦, ૧૦૦૩૮, ૯૯૫૦, ૧૦૦૭૨, ૧૦૧૧૩, તેમજ ૭૯૩૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૯૬૮૨ અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૯૫૦૨ મુલતવી રાખવામાં આવ્યો.

૨. ગુજરાત રાજ્યના સન ૧૯૬૨-૬૩ના વિનિયોગ હિસાબો તેમજ તે પરના ઓડિટ રિપોર્ટ ઉપરના જાહેર હિસાબ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત કરવામાં આવી.

૩. માગણીઓ પર મતદાન ત્રીજા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૨૨-જેલો", "૨૩-પોલીસ", "૬૮-લેખન સામગ્રી અને મુદ્રણ", "૭૮-એ સન ૧૯૬૨ની રાષ્ટ્રીય કટોકટી અંગેની ખર્ચ" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર સામાન્ય ચર્ચા થઈ. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

૪. તા. ૪થી માર્ચ, ૧૯૬૫ના રોજ વિ. સ. સ. શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટે ઉઠાવેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન પરનો મુલતવી રાખવામાં આવેલો નિર્ણય અધ્યક્ષશ્રીએ આપ્યો અને ઔચિત્ય ભંગનો પ્રશ્ન નામંજૂર કર્યો.

## સોમવાર, ૧૫મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૭૫૫, તેમજ અઢારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૯૮૧, ૯૩૨૨, ૯૪૬૬, ૯૬૯૩, ૯૭૭૫, ૭૩૨૯, ૮૪૨૩, (છેલ્લા બે સાથે) ૯૮૮૫, ૧૦૨૫૩, ૯૩૬૭, ૮૯૭૮, (છેલ્લા બે સાથે) ૯૭૦૭, ૯૭૮૮, ૮૪૭૬, ૧૦૨૩૩, ૮૮૪૫ અને ૯૮૩૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૦૪૧, ૯૫૦૮, ૯૨૬૩, અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાયબ નાણાંમંત્રીશ્રીએ સન ૧૯૬૩-૬૪ના ગુજરાત સરકારના નાણાકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઓડિટ રિપોર્ટ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૩. ગૃહમંત્રીશ્રીએ અમદાવાદમાં તા. ૫મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ પોલીસે કરેલા ગોળીબાર અને તા. ૫મી અને ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ બનેલા બીજા બનાવો ઉપરનો ન્યાયમૂર્તિ શ્રી એન. કે. વકીલનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

૪. માગણીઓ ઉપર મતદાન ચોથા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૫૦-રાજ્ય બાંધકામો," "૩૦-બંદરો અને બંદરવિષયક માર્ગદર્શન", "૧૦૩-રાજ્ય બાંધકામો પર ખર્ચેલી મૂડી", "૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ", અને "૧૨૪-સરકારી વ્યાપાર યોજનાઓ પર ખર્ચેલી મૂડી" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. માગણીઓ પર સામાન્ય ચર્ચા થઈ. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### મંગળવાર, ૧૬મી, માર્ચ ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૫૫૪, અગિયારમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૮૪૮ તેમજ ઓગણીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૩૮૭, ૯૫૭૦, ૯૬૧૦ (છેલ્લા બે સાથે) ૯૬૫૮, ૮૯૪૨, ૭૫૯૦, ૯૯૮૮, ૧૦૩૭૭, ૧૦૪૨૧ (છેલ્લા બે સાથે), ૮૫૨૫, ૯૯૦૯, ૯૧૭૨, ૯૮૬૫, ૯૯૧૫, ૯૧૭૩, ૯૯૫૧, ૧૦૧૧૪ તેમજ ૯૩૧૯ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૧૮૯ અને ૯૦૧૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અંદાજ સમિતિનો નવમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૩. માગણીઓ ઉપર મતદાન પાંચમા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ", ૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક) ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (બિનવાણિજ્યિક)" "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ પર ખર્ચેલી મૂડી, ૯૯-સિંચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામો પર ખર્ચેલી મૂડી (વાણિજ્યિક) ૧૦૦-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર ખર્ચેલી મૂડી (બિનવાણિજ્યિક)" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા થઈ. ત્યારબાદ, માગણીઓ મંજૂર કરવામાં આવી.

૪. તા. ૧૬મી માર્ચ, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. ભલામણો સભાગૃહે સ્વીકારી હતી.

૫. તારીખ ૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ ઉઠાવેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન અંગે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો.

### ગુરૂવાર, ૧૮મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૭૫૦ તેમજ વીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૨૨૯, ૯૫૨૭, ૯૬૩૫, ૯૭૮૩, ૯૮૦૭, ૯૯૬૧, ૧૦૦૨૫, ૯૯૮૭, ૧૦૦૩૭ (છેલ્લા બે સાથે) ૯૧૪૫, ૧૦૨૫૨, ૮૨૫૮, ૯૨૦૫, ૯૭૩૬, ૯૯૨૯, ૧૦૨૯૭, ૧૦૩૪૧, ૧૦૧૦૧ તેમજ ૧૦૨૩૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૬૯૯ તેમજ પ્રશ્ન ક્રમાંક ૯૬૭૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. માગણીઓ ઉપર મતદાન છઠ્ઠા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૨૯-વૈદ્યકીય", "૩૦-જાહેર આરોગ્ય" અને "૯૪-જાહેર આરોગ્યની સુધારણા પર ખર્ચેલી મૂડી", હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા થઇ. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### શુક્રવાર, ૧૯મી માર્ચ, ૧૯૬૫

એકવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૦૫૨, ૯૭૭૭ (બન્ને સાથે), ૯૨૯૫, ૯૩૧૨, ૯૫૮૯, ૯૬૭૪, ૯૬૩૬, ૮૫૨૩, ૯૮૩૪, ૮૯૦૦, ૧૦૦૫૭, ૧૦૧૫૧, ૯૮૬૦, ૯૮૮૦, ૯૯૬૫, ૧૦૧૬૧, ૧૦૧૦૭, ૧૦૦૯૯ (છેલ્લા બે સાથે), ૧૦૧૨૩, ૧૦૧૧૯ તેમજ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૭૫૯ના જવાબ આપવામાં આવ્યા.

૨. જાહેર હિસાબ સમિતિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી.

૩. માગણીઓ ઉપર મતદાન સાતમા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૪-સહકાર" હેઠળ માગણી રજૂ કરવામાં આવી. માગણી ઉપર સામાન્ય ચર્ચા થઇ. ત્યારબાદ માગણી મંજૂર કરવામાં આવી.

### સોમવાર, ૨૨મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૦૭૫૪ તેમજ ૧૦૭૯૨ તેમજ બાવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૭૩૯, ૧૦૧૪૧ (છેલ્લા બે સાથે) ૧૦૦૨૩, ૮૪૭૮, ૯૨૫૪, ૯૪૪૮, ૧૦૦૯૩, ૧૦૨૧૯, ૯૧૯૬, ૮૫૦૮, ૯૦૦૫, ૯૧૮૩, ૯૯૩૫, ૧૦૩૨૦, ૧૦૩૮૬ અને ૯૧૦૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૮૯૬૯, ૧૦૧૭૨, તેમજ ૯૩૦૧ અતારાંકિત ગણવામાં આવ્યા. પ્રશ્ન ક્રમાંક ૧૦૨૯૨ લેવામાં આવ્યો નહિ.

૨. માગણીઓ ઉપર મતદાન આઠમા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૨૮-શિક્ષણ" હેઠળ માગણી રજૂ કરવામાં આવી. માગણી ઉપર સામાન્ય ચર્ચા થઈ. શિક્ષણ મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો. વિ. સ. સ. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે અમુક મુદ્દાનો જવાબ મંત્રીશ્રીએ આપ્યો નથી તેવો પ્રશ્ન ઉઠાવતાં અધ્યક્ષશ્રીએ લોકસભાના અધ્યક્ષશ્રીનો નિર્ણય ટાંકીને ઠરાવ્યું કે સભ્યશ્રીઓએ ઉઠાવેલા બધા મુદ્દાઓના જવાબ મંત્રીશ્રી આપી શકે નહિ. પણ તેમણે મહત્વના મુદ્દાઓનો જવાબ આપવો જોઈએ. ત્યારબાદ માગણી મંજૂર કરવામાં આવી.

૩. તા. ૨૨મી માર્ચ ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. ભલામણો સભાગૃહે મંજૂર રાખી.

### મંગળવાર, ૨૩મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૦૫૮૪, ૧૦૬૪૩, ૧૦૮૫૪ તેમજ ત્રેવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૪૫૯, ૯૪૯૯, ૯૬૫૬, ૧૦૦૭૧, ૧૦૦૯૭, ૧૦૨૭૪, ૮૩૬૭, ૯૩૪૭, ૯૫૩૦, ૯૭૩૫, ૯૮૮૩, ૯૮૯૯, ૧૦૨૨૪, ૯૯૪૩, તેમજ ૧૦૧૯૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૯૩૮૮ અતારાંકિત ગણવામાં આવ્યો.

ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૫૯૫ તેમજ તારાંકિત પ્રશ્નો ક્રમાંક ૯૮૧૨, ૧૦૨૨૧ અને ૯૦૨૩ના અંશતઃ જવાબ આપવામાં આવ્યા અને મુલતવી રાખવામાં આવ્યા. પ્રશ્ન ક્રમાંક ૮૭૬૧ મુલતવી રાખવામાં આવ્યો.

૨. માગણીઓ ઉપર મતદાન નવમા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૧૨-વેચાણવેરો", "૩૫-ઉદ્યોગો" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા થઈ. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### બુધવાર, ૨૪મી માર્ચ, ૧૯૬૫

૧. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો વીસમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને સભાગૃહે તેને મંજૂર રાખ્યો.

૨. માગણીઓ ઉપર મતદાન નવમા દિવસે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૭-સામૂહિક વિકાસ યોજનાના કામો", "રાષ્ટ્રીય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કાર્યો" તથા "૭૧-પરચૂરણ' હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા થઈ. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### ગુરૂવાર, ૨૫મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૦૭૪૮, ૧૦૮૦૫, ૧૦૯૧૧, ૧૦૯૧૨, ૧૦૯૧૩, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ તેરમી યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૪૧૯૭ તેમજ ચોવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૫૩૬, ૯૭૬૧, ૯૯૯૫, ૧૦૨૧૦ (છેલ્લા બે સાથે), ૧૦૦૧૩, ૯૨૯૧, ૧૦૧૫૨, ૧૦૨૬૭, ૮૮૭૩, ૯૫૭૬, ૯૯૦૧, ૧૦૨૭૨, ૯૯૦૭, ૯૯૧૩, ૯૯૧૮ અને ૯૯૪૮ના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન વિ. સ. સ., શ્રી બિપિનચંદ્ર મ. ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે કોઈપણ સવાલની ઉપયોગિતા છે કે નહિ તે સરકારે નક્કી કરવાનું છે કે અધ્યક્ષશ્રીએ ? અધ્યક્ષશ્રીએ લોકસભા તથા ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના અધ્યક્ષોના નિર્ણયો ટાંકી નિર્ણય આપ્યો કે આ બાબતને નિર્ણય કરવાનું સરકાર પર છોડવામાં આવે છે અને પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. ત્યારબાદ વિરોધ પક્ષના કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૧૬૫, ૧૦૦૨૯, અને ૧૦૨૮૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાયબ ગૃહમંત્રીશ્રીએ તારીખ ૧૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ પ્રશ્ન ક્રમાંક ૧૦૦૯૩ના આપેલા જવાબના અનુસંધાનમાં રિપબ્લિકન પક્ષે કરેલા સત્યાગ્રહ અને સત્યાગ્રહીઓને થયેલી સજા અંગે નિવેદન કર્યું.

૩. નાયબ મહેસૂલ મંત્રીશ્રીએ તારીખ ૪થી માર્ચ, ૧૯૬૫ના રોજ અગિયારમી તારાંકિત યાદીના પ્રશ્ન ક્રમાંક ૯૮૭૧ના અનુસંધાનમાં વિ. સ. સ. શ્રી નાગજીભાઈ ગો. આર્યના પૂરક પ્રશ્નના જવાબમાં આપેલી ખાતરી મુજબનું પત્રક સભાગૃહના મેજ પર મૂક્યું.

૪. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકો પ્રભારી સભ્યોને દાખલ કરવાની રજા આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યાં :—

(૧) સન ૧૯૬૪નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતીય સંશોધન) વિધેયક (પ્રભારી સભ્ય ડૉ. છોટાભાઈ જી. પટેલ).

(૨) સન ૧૯૬૫નું ગુજરાત સહકારી મંડળી (સંશોધન) વિધેયક (પ્રભારી સભ્યશ્રી ગંગારામ ચુ. રાવલ).

(૩) સન ૧૯૬૫નું ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો (ગુજરાત સંશોધન) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી સુરજમલ મા. શાહ).

(૪) સન ૧૯૬૪નું ગુજરાત ગૃહનિર્માણ મંડળ (સંશોધન) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી મનુભાઈ હ. પાલખીવાળા).

(૫) સન ૧૯૬૫નું ગુજરાત શિક્ષણ ઉપકર (સંશોધન) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી શાંતુભાઈ ચુ. પટેલ).

૫. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોના પહેલા વાચન માટેના પ્રસ્તાવો રજૂ થયા અને ચર્ચા કરવામાં આવી :—

(૧) સન ૧૯૬૪નું ૩૦મું વિધેયક—સન ૧૯૬૪નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત સંશોધન) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી પ્રતાપરાય તા. શાહ) ગૃહની પરવાનગીથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૧૯૬૪નું ૨૮મું વિધેયક–સન ૧૯૬૪નું મુંબઈ જમીન મહેસૂલ (સંશોધન) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ પ્રા. મહેતા)—ગૃહની પરવાનગીથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

સન ૧૯૬૪નું ૩૨મું વિધેયક—સન ૧૯૬૪નું મુંબઈ વેચાણ વેરા (ગુજરાત સંશોધન) વિધેયક પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ પ્રા. મહેતા રજૂ કરવા માગતા નહિ હોવાથી તે વિધેયક લેવામાં આવ્યું નહિ.

૬. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે રાજકોટની આલફ્રેડ હાઈસ્કૂલમાં જનાગઢના વિદ્યાર્થીઓને માફી આપવાનો હુકમ સરકારે રદ કરવા બાબતના વિષય પર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી. શિક્ષણ મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો.

## શુક્રવાર, ૨૬મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૯૭૯ તેમજ પચીસમી યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૮૦૫, ૯૫૮૩, ૯૭૫૮, ૯૮૯૦ (ચાર સાથે) ૯૮૮૯, ૯૮૫૦, ૯૨૪૨, ૯૪૧૯, ૧૦૦૭૩ (છેલ્લા બે સાથે) ૧૦૨૧૫, ૯૨૨૦, ૯૯૮૫, ૯૯૦૨, ૧૦૨૪૨, ૧૦૨૦૦ તેમજ ૯૯૨૨ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૮૨૦૪, ૧૦૩૨૨ અને ૯૧૮૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા :—

(૧) સન ૧૯૬૫નું ગુજરાત વિનિયોગ વિધેયક (સન ૧૯૬૫નું ૧૮મું).

(૨) સન ૧૯૬૪નું ભારતનાં બંદરો બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૨૨મું).

(૩) સન ૧૯૬૪નું ગુજરાત માલ લઈ જવા લાવવા પર વેરો નાખવા બાબતનું (સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૩૩મું).

(૪) સન ૧૯૬૫નું મુંબઈ મનોરંજન કર (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૫નું ૩જું).

(૫) સન ૧૯૬૫નું ખેતીના ઉત્પન્નનાં બજારો બાબતનું (સંશોધન) વિધેયક (સન ૧૯૬૫નું ૧૬મું).

**સોમવાર, ૨૯મી માર્ચ, ૧૯૬૫**

૧. તા. ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ ત્રીજી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૨૦૮૧ તેમજ છવ્વીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૮૭૮, ૧૦૨૬૦, ૧૦૫૦૩ (છેલ્લા બે સાથે) ૮૮૯૮, ૯૪૦૫, ૧૦૦૪૯, ૧૦૨૬૩ (છેલ્લા બે સાથે) ૧૦૩૬૨, ૧૦૩૩૮, ૧૦૦૬૬, ૧૦૩૬૪, ૧૦૧૨૮, ૧૦૩૯૪, ૧૦૩૯૫ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૮૭૭ તેમજ તારાંકિત પ્રશ્નો ક્રમાંક ૯૩૩૮ અને ૧૦૧૫૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૯૫૧૯૬, ૧૦૨૭૮, ૯૨૨૧, ૯૮૬૬ અને ૯૯૯૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યની અંગ્રેજી શિક્ષણ અંગેની નીતિ બાબત નિવેદન કર્યું.

૩. વિ. સ. સ., શ્રી કમળાશંકર મૂ. પંડિતે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના લોકોની સર્વાંગી ઉન્નતિ સાધી શકાય તે હેતુથી રૂપિયા દસ કરોડનું એક ખાસ ભંડોળ ઊભું કરવા માટે જરૂરી પગલાં લેવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ, સંકલ્પ પાછો ખેંચી લેવાની તરફેણમાં ૩૩ અને વિરૂધ્ધમાં ૧૬ મતો પડતાં, સંકલ્પ પાછો ખેંચી લેવાયો.

૪. વિ. સ. સ., શ્રી નરભેશંકર ના. પાણેરીએ સંકલ્પ રજૂ કર્યો કે સરકારે લોકશાહી સમાજવાદનું ધ્યેય સ્વીકાર્યું છે. આ ધ્યેયને સિધ્ધ કરવા આર્થિક સમાનતા ઘટાડવા હાલની ભીષણ મોંઘવારીમાં પીડાતા નાના સરકારી નોકરોને સામાજિક ન્યાય અપાવવાના પ્રથમ પગલાં તરીકે રાજ્યના સરકારી નોકરિયાતોને ઓછામાં ઓછો માસિક રૂા. ૧૦૦નો દરમાયો ઠરાવવા આ વિધાનસભાગૃહ સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ ગૃહ સમક્ષ મત માટે મુકાતાં તે નામંજૂર કરવામાં આવ્યો.

૫. વિ. સ. સ., શ્રી હમીરસિંહજી જે. સોલંકીએ સંકલ્પ રજૂ કર્યો કે ખેડૂતોને ખેતી કામમાં જરૂરી સિમેન્ટ તથા પતરાં મળતાં નથી અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાય છે. આ પરિસ્થિતિના નિવારણ માટે સિમેન્ટ અને પતરાંની હાલની વહેંચણી પધ્ધતિમાં ફેરફાર કરીને દરેક તાલુકામાં મામલતદાર અને સરકારે નીમેલા દરેક રાજકીય પક્ષના એક એક સ્થાનિક કાર્યકરની બનેલી સમિતિ દ્વારા વહેંચણી કરવા તેમજ આ સમિતિની દરેક બેઠકમાં થયેલી વહેંચણીની વિગતવાર જાહેરાત મામલતદારની કચેરીએ મૂકવાની વ્યવસ્થા કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ ગૃહ સમક્ષ મત માટે મુકાતાં તે નામંજૂર કરવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ ગ. કોન્ટ્રાકટરે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં ચાલતાં બાલમંદિરો માટે હાલમાં રાજ્ય કક્ષાએ કોઈ ચોકકસ નીતિ કે નિયમો નથી. શિક્ષણ ક્ષેત્રે પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્વ જોતાં બાલમંદિરો માટે ચોકકસ નીતિ અને નિયમો હોવા જરૂરી છે. આથી રાજ્યમાં ચાલતાં બાલમંદિરોનો વહીવટ, આર્થિક પરિસ્થિતિ, શૈક્ષણિક ધોરણ, બાળકોને આપવામાં આવતી સુવિધાઓ વગેરે બાબતોની તપાસ કરી બાલમંદિરોને માન્યતા અને અનુદાન આપવા બાબતમાં રાજ્ય કક્ષાએ ચોકકસ નીતિ અને નિયમો ઘડવાના પ્રશ્ન ઉપર વિચારણા કરી અહેવાલ સાદર કરવા માટે વિધાનસભાના સભ્યો અને તજ્જ્ઞોની બનેલી એક સમિતિ નીમવાની આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

સંકલ્પ ઉપરની ચર્ચા દરમિયાન શ્રી રમણલાલ ના. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે જે સભ્યે તેમનું રાજીનામું અધ્યક્ષશ્રીને મોકલી આપ્યું હોય તેઓ આ સભાગૃહમાં બેસી શકે કે કેમ? અધ્યક્ષશ્રીએ તે નામંજૂર કરતાં જણાવ્યું કે આ બાબત તેમની વિચારણા હેઠળ છે અને તેમનો નિર્ણય જાહેર ન કરે ત્યાં સુધી સભ્યને સભાગૃહમાં બેસવાનો અધિકાર છે.

ચર્ચા બાદ સંકલ્પ ગૃહની પરવાનગીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

મંગળવાર, ૩૦મી માર્ચ, ૧૯૬૫

૧. સત્તાવીસમી યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૪૦૪, ૭૯૯૩, ૮૯૫૬, ૯૯૭૭, ૧૦૦૩૯, ૧૦૧૯૬, ૧૦૩૧૧, ૯૧૦૧, ૭૯૨૪, ૯૫૪૯, ૧૦૦૬૭, ૯૮૬૩, ૧૦૩૮૮, ૯૬૦૨, ૧૦૨૪૯ અને ૧૦૩૯૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૦૬૪૨ તેમજ પ્રશ્નો ક્રમાંક ૯૧૪૪, ૧૦૧૮૨ અને ૧૦૨૭૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૦૦૫૪નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

૨. સન ૧૯૬૫નું ગુજરાત પંચાયત (સંશોધન) વિધેયક (સન ૧૯૬૫નું ૯મું) દાખલ કરવામાં આવ્યું. પહેલા વાંચન પરની ચર્ચા અધૂરી રહી.

૩. ૩૦મી માર્ચ, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સભાગૃહે ભલામણો મંજૂર રાખી.

બુધવાર, ૩૧મી માર્ચ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧૦૦૯, તા. ૨૩મી માર્ચ, ૧૯૬૫ના રોજ ત્રેવીસમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખેલા પ્રશ્નો ક્રમાંક ૯૮૧૨, ૧૦૨૨૧, તેમજ અઠ્ઠાવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૬૭૬૪, ૮૪૨૧, ૧૦૩૪૦, ૯૦૬૩, ૯૯૫૯, ૧૦૦૩૧, ૧૦૩૧૩, ૧૦૩૬૯, ૮૭૨૫, ૧૦૩૮૨, ૧૦૦૪૩, ૯૫૧૭, ૯૯૭૮, ૧૦૨૦૮, ૧૦૦૯૦, ૧૦૩૬૦ તેમજ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧૦૪૧ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૦૭૫, ૯૮૪૭, ૯૪૮૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૭૪૭૮ મુલતવી રાખવામાં આવ્યો.

૨. અંદાજ સમિતિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી.

૩. જાહેર હિસાબ સમિતિના સભ્યોની ચૂંટણીના પરિણામની જાહેરાત કરવામાં આવી.

૪. નીચે જણાવેલા સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :—

(૧) સન ૧૯૬૫નું પંચાયત (સંશોધન) વિધેયક (સન ૧૯૬૫નું ૯મું).

(૨) સન ૧૯૬૫નું ગુજરાત નગરપાલિકા (સંશોધન) વિધેયક (સન ૧૯૬૫નું ૧૪મું).

## ગુરૂવાર, ૧લી એપ્રિલ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૦૬૪૧, ૧૧૦૫૨, તેમજ ઓગણત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૬૪૮, ૯૯૭૪, ૭૭૦૨ (છેલ્લા બે સાથે), ૯૮૮૮, ૧૦૨૧૭, ૯૨૯૮, ૧૦૧૦૦, ૧૦૩૮૦, ૯૯૦૩, ૯૯૦૦ ૧૦૦૭૭ (છેલ્લા બે સાથે) ૧૦૩૨૫, ૯૧૮૯, ૯૬૮૮, (છેલ્લા બે સાથે), ૧૦૦૩૧, ૯૯૪૨ અને ૧૦૧૦૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૪૪૨, ૧૦૪૬૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૮૩૯૩ મુલતવી રાખવામાં આવ્યો.

૨. અંદાજ સમિતિનો દસમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૩. ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગૃહનિર્માણ મંડળનું સન૧૯૬૧-૬૨, ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪ના વર્ષોનું કામકાજ વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ ગૃહ નિમાર્ણ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૪. વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ દા. પટેલે, નિયમ ૯૦ અન્વયે, રાજ્યની શાળાઓમાં અંગ્રેજી શીખવવા અંગેની સરકારની નીતિ પર તા. ૨૯મી માર્ચ, ૧૯૬૫ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સભાગૃહમાં કરેલી જાહેરાતને લીધે ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા ઊભી કરી. ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## શુક્રવાર, ૨જી એપ્રિલ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૧૦૫૦, ૧૧૧૦૩ તેમજ ત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૨૬૪, ૯૬૦૧, (છેલ્લા બે સાથે), ૮૯૯૫, ૯૯૩૨, ૧૦૦૦૦, ૧૦૦૬૫, ૧૦૩૬૧, ૯૬૫૧, ૧૦૪૨૮, ૧૦૪૩૨, ૧૦૪૩૯, ૧૦૬૮૫, ૯૬૭૮ (છેલ્લા બે સાથે), ૧૦૨૩૮, ૧૦૨૮૫, અને ૯૯૪૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૮૪૨૭, ૮૭૯૫, ૯૩૫૭ અને ૯૩૮૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી દરમિયાન ઉપપ્રશ્નો પૂછતી વખતે માનનીય મંત્રીશ્રીની ઊલટ તપાસ થઈ શકે નહિ તેવો અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો.

૨. નાયબ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકની રજૂઆત કરી.

૩. જાહેર હિસાબ સમિતિના સભ્ય, શ્રી ભાઈલાલભાઈ દા. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે જાહેર હિસાબ સમિતિનો પાંચમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સંસદીય સચિવશ્રી, સહકાર મંત્રીશ્રી, આરોગ્ય મંત્રીશ્રી, કૃષિ મંત્રીશ્રી, બાંધકામ મંત્રીશ્રી, તેમજ નાયબ નાણા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

ઉપરોક્ત ચર્ચા દરમિયાન વિ. સ. સ., યુવરાજ શ્રી. મનોહરસિંહજી જાડેજાએ જાહેર હિસાબ સમિતિની ટીકા કરી હતી તે અંગે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે સભાગૃહની કોઈપણ સમિતિ ઉપર આક્ષેપો કરી શકાય નહિ એટલું જ નહિ પણ તેની ટીકા પણ કરી શકાય નહિ.

## સોમવાર, ૫મી એપ્રિલ, ૧૯૬૫

૧. મુલતવી રાખવામાં આવેલા ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૮૫૬૫, ૧૦૮૦૮ તેમજ અઠ્ઠાવીસમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૭૪૭૮ તેમજ એકત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૩૬૮, ૧૦૦૮૧, ૯૮૩૫, ૮૩૮૨, ૯૦૮૫, ૯૫૨૫, ૯૭૩૪, ૯૮૫૩, ૧૦૪૭૨, ૧૦૧૩૮, ૮૭૦૧, ૧૦૪૭૭, ૧૦૧૧૫, ૧૦૩૯૩, ૯૦૦૨, ૧૦૪૮૬, અને ૧૦૪૮૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૬૧૧, ૯૭૨૦ અને ૧૦૦૬૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો એકવીસમો અહેવાલ રજૂ કરવામાં આવ્યો અને સભાગૃહે તે મંજૂર રાખ્યો.

૩. અંદાજ સમિતિના પ્રમુખશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિના નવમા અને દસમા અહેવાલો વિચારણામાં લેવામાં આવે. ઉક્ત અહેવાલો પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## મંગળવાર, ૬મી એપ્રિલ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧૧૦૯નો જવાબ આપવામાં આવ્યો.

ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

સભ્ય, શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે પ્રશ્નોત્તરી માટે નિયમ પ્રમાણે દરરોજ એક કલાક રાખવામાં આવે છે. પરંતુ સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબો સરકારે સમયસર ન આપવાને કારણે આજરોજ તારાંકિત પ્રશ્નો સભાગૃહમાં લઈ શકાતા નથી તે બરાબર છે? અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરતાં જણાવ્યું કે નિયમ પ્રમાણે સરકારે ત્રીસ દિવસમાં પ્રશ્નોના જવાબ મોકલવાના હોય છે. પણ સરકારે ઢીલ થવાનાં કારણો જણાવ્યાં હોવાથી નિયમનો ભંગ થતો નથી.

૨. ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૩. વિ. સ. સ., શ્રી રતિભાઈ ઉ. પટેલે, નિયમ ૯૪ અન્વયે, ધુવારણ વિદ્યુત મથક એકાએક બંધ પડી જતાં રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં ઔદ્યોગિક કામકાજો થંભી જતાં થએલી નુકસાની અંગે મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાયબ ઉદ્યોગમંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૪. અંદાજ સમિતિના સભ્યોની ચૂંટણીના પરિણામની જાહેરાત કરવામાં આવી.

૫. ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૫-૬૬નું વાર્ષિક નાણાકીય વિતરણપત્રક વિધાનસભાના મેજ ઉપર મુકાયું.

૬. વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ ગ. કોન્ટ્રાક્ટરે સંકલ્પ રજૂ કર્યો કે સ્વરાજના આ યુગમાં શિક્ષણ અને સંસ્કાર અર્પતી ગ્રંથાલય સંસ્થા પણ પ્રાથમિક શાળાના જેટલી જ એક અગત્યની સંસ્થા છે અને શાળાની માફક દરેક ગામમાં ગ્રંથાલયનું પણ મકાન હોય તે આવશ્યક છે. આથી

જે ગ્રામ, નગર યા શહેર ગ્રંથાલય માટે મકાન બાંધવા ઈચ્છા રાખતું હોય તેને કુલ ખર્ચના ૫૦ ટકા મદદ આપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ ગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી માલજીભાઈ સ. ડાભી વતી વિ. સ. સ.. શ્રી નાગજીભાઈ ગો. આર્યે સંકલ્પ રજૂ કર્યો કે ખેડાણ હેઠળની જમીનો ગૃહ મંડળીઓ માટે, ઉદ્યોગો માટે અને બીજા ઉપયોગો માટે મોટા પ્રમાણમાં બિન-ખેતીની જમીનોમાં ફેરવવામાં આવે છે અને ગૃહ મંડળીઓ અને બીજાઓ જેમને બિન-ખેતીના ઉપયોગ માટે જમીન ખરેખર જોઈતી નથી તેઓ તેવી જમીનોના સટ્ટા કરે છે, ધૂમ નફાખોરી કરે છે અને જેમને બિન-ખેતીના ઉપયોગ માટે જમીન ખરેખર જોઈએ છે તેમને તે ખૂબ જ મોંઘી પડે છે. આથી ખેડાણ હેઠળની જમીનો બિન-ખેતીની જમીનોમાં જેમ બને તેમ ઓછી ફેરવવામાં આવે અને તેવી જમીનોના વેચાણમાં નફાખોરી થતી અટકે તેવાં પગલાં લેવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ, ગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી ગંગારામ ચુ. રાવલે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અને કોલેજોમાં કામ કરતા શિક્ષકોના નોકરીઓ અંગેના હકકો અને અધિકારોનું બરાબર રક્ષણ થતું નથી અને તેમને અન્યાય થાય છે. આથી કામદારોનાં હિતોના રક્ષણ માટે કાયદાઓ હેઠળ જેવી જોગવાઈઓ કરવામાં આવી છે તેવી જોગવાઈઓ આવા શિક્ષકો માટે કરતો એક સર્વાંગી કાયદો કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ, ગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૯. તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સભાગૃહે ભલામણો મંજૂર રાખી.

૧૦. વિ. સ. સ., શ્રીમતી હીરાબેન લા. નિનામાએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં ખેતી વગેરેના વિકાસ માટે જે વિસ્તારોમાં યોજનાઓ શરૂ કરવામાં આવે છે તે વિસ્તારોની સ્થાનિક પ્રજાને બંધના કારણે ઘર અને જમીન બન્ને ગુમાવવાં પડે છે. આ અંગેનું તેમને જે વળતર આપવામાં આવે છે, તે તેમના પુનર્વસવાટ માટે પૂરતું હોતું નથી. આ સંજોગોમાં આવા કિસ્સાઓમાં લાગતાવળગતા લોકોને ઘરને બદલે ઘર અને જમીનને બદલે જમીન આપવાની નીતિ અપનાવવા, આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ ગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

### બુધવાર, ૭મી એપ્રિલ, ૧૯૬૫

૧. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ, નિયમ ૯૪ અન્વયે, છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદ અને રાજ્યના અન્ય શહેરોમાં કેરોસીનના ડબાની અછતના કારણે પેક ડબાને બદલે ખુલ્લા કેરોસીનનું વેચાણ થતું હોઇ, લોકોને મળતું ભેળસેળવાળું કેરોસીન અને તે નિવારવા રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાયબ નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૨. બિન-સરકારી વિધેયકો :

(૧) ભારતના ફોજદારી કાયદા બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૧૭મું) પ્રભારી સભ્ય, શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટની ગેરહાજરીને કારણે પહેલા વાચનની ચર્ચા માટે લઈ શકાયું નહિ.

(૨) વિ. સ. સ., શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ જમીન સંપાદન (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૩૧મું)ના પહેલા વાંચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પહેલા વાચનની ચર્ચા થઈ. ત્યારબાદ ગૃહની પરવાનગીથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) અટકાયતી નજરકેદ (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૧૭મું) પ્રભારી સભ્યશ્રી મનુભાઈ હ. પાલખીવાળાની ગેરહાજરીના કારણે પહેલા વાચનની ચર્ચા માટે લઈ શકાયું નહિ.

૩. નિયમ ૮૩-અન્વયે વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ વેરાવળ--પાટણની સંયુકત સુધરાઈના પ્રમુખશ્રીની નિયુકિત બાબતના વિષય પરની અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી. ચર્ચાનો જવાબ નાયબ સુધરાઈ મંત્રીશ્રીએ આપ્યો.

## ગુરૂવાર, ૮મી એપ્રિલ, ૧૯૬૫

૧. બત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૦૬૦, ૯૭૪૮, ૯૧૫૮, ૯૦૧૮, ૯૫૫૯ (છેલ્લા પાંચ સાથે) ૧૦૦૪૭, ૧૦૮૩૧, ૯૯૬૬, ૧૦૩૩૬, ૯૫૫૮, ૧૦૦૮૨, ૧૦૧૯૭, ૧૦૫૭૬, ૧૦૩૫૦, ૧૦૦૮૬, ૯૯૯૦ અને ૧૦૧૪૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૧૬૭, ૯૧૯૧, ૧૦૧૭૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્યે નિયમ ૯૪ અન્વયે અખિલ ભારત કૃષિ પ્રદર્શનના ઉદ્‌ઘાટન બાદ બે દિવસમાં ગુજરાત રાજ્યે ઊભા કરેલા પેવેલિયનમાં લાગેલી આગ, તેથી થયેલ નુકસાન અને અકસ્માતોનાં કારણો અંગે ખેતીવાડી ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ખેતીવાડી મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. ગુજરાત મિનરલ ડેવલેપમેન્ટ કોર્પોરેશનનો સન ૧૯૬૩-૬૪નો વાર્ષિક અહેવાલ હિસાબો અને ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

૪. સન ૧૯૬૨-૬૩ની વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા શરૂ થઈ. એક કાપ દરખાસ્ત રજૂ થઈ. વધારાની માગણીઓ તથા કાપ દરખાસ્ત ઉપર સામાન્ય ચર્ચા થઈ. સભાગૃહની મંજૂરીથી કાપ દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

૫. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :

(૧) સન ૧૯૬૫નું ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં બાબતનું (સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૧૯મું).

(૨) સન ૧૯૬૫નું મંડળીઓની નોંધણી બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૫મું).

(૩) સન ૧૯૬૫નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૭મું).

(૩) સન ૧૯૬૫નું મુંબઈ મોટર વાહનોના ઉતારૂઓ પર વેરો નાખવા બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૪થું.)

(૫) સન ૧૯૬૫નું ગુજરાત સ્ટેમ્પના કાયદાઓ બાબતનું (સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૧૨મું).

## શુક્રવાર, ૯મી એપ્રિલ, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૧૦૪૨, ૧૧૧૦૪, તા. ૨૩મી માર્ચ, ૧૯૬૫ના રોજ ત્રેત્રીસમી તારાંકિત યાદીમાંથી મુલતવી રાખવામાં આવેલ પ્રશ્ન ક્રમાંક ૯૦૨૩ તેમજ તેત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૯૪૫, ૧૦૩૨૭ (છેલ્લા બે સાથે), ૧૦૪૬૯, ૧૦૭૧૯, ૮૪૫૦, ૯૨૫૧, ૯૩૧૬, ૧૦૨૧૩ (છેલ્લા બે સાથે), ૯૮૬૧, ૯૭૬૫, ૧૦૦૧૮, ૧૦૧૬૦ (છેલ્લા બે સાથે), ૧૦૩૭૨, ૧૦૪૩૦, ૯૦૨૧, ૧૦૦૬૦, ૯૯૧૨, ૧૦૩૦૨ તેમજ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧૨૭૯ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૦૧૭૬, તેમજ ૧૦૧૮૪ અતારાંકિત ગણવામાં આવ્યા.

ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. અધ્યક્ષશ્રીએ વિ. સ. સ. શ્રી જટશંકર પંડ્યાનું કહેવાતું રાજીનામું જે તેમની વિચારણા હેઠળ હતું તે અંગે નિર્ણય આપ્યો કે જે સંજોગોમાં અને જે સ્થિતિમાં તે આવ્યું છે તે જોતાં કહેવાતા રાજીનામાને રાજીનામું ગણી શકાય નહીં તેથી શ્રી પંડ્યા સભ્ય તરીકે ચાલુ રહે છે.

૩. બે નવી યુનિવર્સિટી સ્થાપવા અંગે તા. ૫મી એપ્રિલ, ૧૯૬૫ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન આપેલા જવાબ અંગે ખુલાસો કરતું નિવેદન શિક્ષણ મંત્રીશ્રીએ કર્યું.

૪. ગૌણ વિધાન સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત કરવામાં આવી.

૫. મુખ્ય મંત્રીશ્રીએ મંત્રીશ્રીઓ, ઉપમંત્રીશ્રીઓ અને મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવ માટેની આચાર-સંહિતા સભાગૃહના મેજ ઉપર મૂકી.

૬. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :

(૧) સન ૧૯૬૫નું (વધારાનો ખર્ચ) વિનિયોગ વિધેયક (૧૯૬૫નું ૨૧મું).

(૨) સન ૧૯૬૫નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૧૭મું.)

(૩) સન ૧૯૬૫નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત સંશોધન) વિધેયક (૧૯૬૫નું ૧૫મું).

૭. નાયબ કૃષિ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ભાવનગર પબ્લિક ડેરીનું સન ૧૯૬૩-૬૪નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાયબ કૃષિ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. સરકાર તરફથી થયેલી વિનંતી અનુસાર સભાગૃહની બેઠક સોમવાર, તા. ૩જી મે, ૧૯૬૫ સુધી અધ્યક્ષશ્રીએ મુલતવી રાખી.

**સોમવાર, ૩જી મે, ૧૯૬૫**

૧. તા. ૮મી માર્ચ, ૧૯૬૫ના રોજ ત્રેવીસમી તારાંકિત યાદીમાંનો મુલતવી રાખવામાં આવેલો પ્રશ્ન ક્રમાંક ૯૫૮૬ તેમજ ચોત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૯૧૨૬, ૯૮૩૦, ૧૦૩૪૬, ૧૦૫૬૭, ૧૦૩૭૩ (છેલ્લા બે સાથે), ૧૦૩૬૬, ૮૨૨૧, ૯૬૧૪, ૧૦૦૦૭, ૧૦૨૫૦, ૧૦૫૨૬, ૧૦૩૫૧, ૧૦૫૯૦, ૧૦૬૭૬, ૧૦૩૧૬, ૧૦૪૪૮, ૯૬૧૫, ૧૦૪૪૯ અને ૯૨૧૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યનો પ્રશ્ન ક્રમાંક ૯૮૩૮ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. સરહદ ઉપર પાકિસ્તાનના અણધાર્યા લશ્કરી આક્રમણોનો સામનો કરતાં અને માતૃભૂમિની શાન અને અખંડિતતાનું નીડરતાથી રક્ષણ કરતાં, શહીદીને વરેલા પોલીસદળના નવજવાનો અને ભારતીય સૈનિકોને અધ્યક્ષશ્રીએ કરેલ સૂચન ઉપરથી સભા ગૃહના સભ્યોએ બે મિનિટ ઊભા થઈ મૌન પાળીને અંજલિ આપી.

૩. વિધાનસભાના માજી સભ્ય શ્રી રામચંદ્ર છી. સોલંકીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૪. અધ્યક્ષશ્રીએ વિધાનસભાના સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ, ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ, ગૌણ વિધાન સમિતિ તેમજ સદસ્ય નિવાસમાં જગા આપવા તથા તેની વ્યવસ્થા કરવા માટેની સમિતિની નિમણૂક કરી.

૫. મુખ્ય મંત્રીશ્રીએ ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ સ્પિનિંગ મિલ્સ લિ., ભરૂચ માટે સરકારે આપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૬. ઉદ્યોગ ખાતાના નાયબ મંત્રીશ્રીએ ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનું તા. ૪-૮-૧૯૬૨ થી તા. ૩૧-૩-૧૯૬૪ના સમય માટેનું કામકાજ વિચારણામાં લેવા બાબત પ્રસ્તાવ રજૂ કર્યો.

વિ. સ. સે., યુવરાજ શ્રી મનોહરસિંહજી એ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે ઓડિટેડ એકાઉન્ટસ રજૂ કરવામાં આવ્યા ન હોઈ, વિચારણા મુલતવી રાખવામાં આવે. શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય તથા શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ તેને ટેકો આપ્યો. નાયબ મંત્રીશ્રીએ ખુલાસો કર્યો. અધ્યક્ષશ્રીએ વિચારણા મુલતવી રાખવા ઠરાવ્યું.

૭. નાયબ નાણા મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત મિનરલ ડેવેલપમેન્ટ કોર્પોરેશનનું સન ૧૯૬૩-૬૪નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ નાયબ નાણા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### મંગળવાર, ૪થી મે, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧૨૨૦ તેમજ પાંત્રીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૨૪૧, ૧૦૮૧૫, (બન્ને સાથે) ૧૦૭૦૪, ૧૦૮૫૬, ૯૯૧૭, ૮૨૨૭, ૧૦૦૮૫, ૧૦૧૪૮, ૧૦૧૯૩, ૧૦૩૦૯, ૧૦૩૪૫, ૧૦૩૫૯, ૧૦૪૧૦, ૧૦૪૫૩, (છેલ્લા બે સાથે) ૧૦૪૨૭, ૧૦૪૮૩, ૧૦૨૮૭, અને ૯૯૫૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૯૩૪૫ અને ૯૯૯૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. તા. ૩જી મે, ૧૯૬૫ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. ભલામણો સભાગૃહે મંજૂર રાખી.

૩. વિ. સ. સ., શ્રી દોલજીભાઈ ગ. પટેલે નિયમ ૯૪ અન્વયે, બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદ અને કરા તેમજ ભારે વાવાઝોડાને કારણે ઈસબગુલ, જીરૂં વગેરે ખેતીના પાકોને થએલું લાખો રૂપિયાનું નુકસાન અને ખેડૂતોને રાહત આપવા માટે સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ ખેતીવાડી ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ખેતીવાડી મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૪. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ લેન્ડ ડેવેલપમેન્ટ બેન્ક લિ. ને સરકારેઆપેલી બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૫. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું :

સન ૧૯૬૫નું મુંબઈ ખાદી અને ગ્રામોદ્યોગ (ગુજરાત સુધારા) વિધેયક (૧૯૬૫નું ૧૨મું).

૬. પંચાયત મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૬૩-૬૪નું કામકાજ વિચારણામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ પંચાયત મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૭. પંચાયત મંત્રીશ્રીએ ગુજરાત વેરહાઉસિંગ કોર્પોરેશનનું સન ૧૯૬૨-૬૩ અને સન ૧૯૬૩-૬૪ નું કામકાજ વિચારવામાં લેવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ પંચાયત મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ ઘા. પટેલ કે જેમણે નર્મદા નદી અંગેની યોજનાની ચર્ચા ઉપસ્થિત કરવા માટે સૂચના આપી હતી તેમણે જણાવ્યું કે તેઓ ચર્ચા ઉપસ્થિત કરવા માગતા નથી.

બુધવાર, ૫મી મે, ૧૯૬૫

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૧૧૦૪૦, ૧૧૨૭૧ અને ૧૧૩૮૫ના જવાબ આપવામાં આવ્યા. ગેરહાજર રહેલા સભ્યોના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧૩૭૫, ૧૦૩૪૮ અને ૧૦૮૫૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

મુલતવી રાખવામાં આવેલા પ્રશ્નો ૮૧૫૬, ૮૭૬૧, ૯૫૦૨, ૯૯૯૬ અને ૧૦૦૫૪નાં તેમજ છત્રીસમી તારાંકિત યાદીના પ્રશ્નો ક્રમાંક ૧૦૫૧૫, ૯૯૩૦, ૧૦૨૧૬, ૧૦૩૫૮, ૧૦૪૧૮, ૧૦૬૫૩, ૧૦૭૨૦, ૧૧૧૭૦, ૯૦૨૫, ૯૬૬૪, ૧૦૧૬૨, ૮૮૬૧ના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્ન ૧૦૬૮૧ મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ, નિયમ ૯૪ અન્વયે, ગુજરાતમાં ઘઉંનો મબલખ પાક ઊતર્યો હોવા છતાં તેના ભાવ નીચે ઉતરવાને બદલે તેમાં ઉછાળો આવ્યાથી મધ્યમ-વર્ગના માનવીઓને અનુભવવી પડતી મુશ્કેલીઓ અને તે નિવારવા રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં બાબત નાગરિક પૂરવઠા ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાગરિક પુરવઠા નાયબ મંત્રીશ્રીએ આ અંગેનું પોતાનું નિવેદન અધ્યક્ષશ્રીના સૂચન અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

નિયમ ૯૪ અન્વયે, નીચે દર્શાવ્યા મુજબનાં બીજાં બે નિવેદનો સભાગૃહના મેજ ઉપર મુકાયાં.

(૧) રાજકોટ જિલ્લા પંચાયત અંગે શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન.

(૨) સહકારી મંડળીની ઓડિટ ફી અંગે સહકાર મંત્રીશ્રીનું નિવેદન.

૩. સભાગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના અહેવાલની રજૂઆત થઈ અને ૧૬ સભ્યોને ગેરહાજર રહેવાની મંજૂરી આપવામાં આવી.

૪. કાયદા મંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમો માટેની સમિતિના અહેવાલની રજૂઆત કરી.

૫. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત બોર્ડના સન ૧૯૬૩-૬૪ના પ્રશાસકીય અહેવાલની રજૂઆત કરી.

૬. મુખ્ય મંત્રીશ્રીએ સંકલ્પ રજૂ કર્યો કે આપણી સરહદના સંરક્ષણ માટે આપણા પોલીસદળના માણસો તથા સશસ્ત્રદળોના જવાનો તથા અધિકારીઓએ જે બહાદુરીપૂર્વક લડત આપી છે તે માટે આ સભાગૃહ તેમની અપ્રતિમ કામગીરીની ઉચ્ચ કદર કરે છે. તથા આપણી માતૃભૂમિનું ગૌરવ અને અખંડિતતા જાળવવા જેઓએ પોતાના પ્રાણની આહૂતિ આપી છે તે શહીદોને ભાવભીની અંજલિ અર્પણ કરે છે. ભારતની પવિત્ર ધરતી ઉપરથી આક્રમણકારોને હાંકી કાઢવા માટે ગુજરાતની

સમગ્ર પ્રજાએ કરેલ અડગનિર્ધારને આ સભાગૃહ આશા અને શ્રધ્ધા સાથે અભિપુષ્ટિ આપે છે. ત્યારબાદ ચર્ચા શરૂ થઈ. મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો. ત્યારબાદ સંકલ્પ મત માટે મુકાતાં સભ્યોએ ઊભા થઈ પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કર્યો.

૭. સચિવશ્રીએ જે એક વિધેયકને રાષ્ટ્રપતિની અને જે છ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં નામો વાંચી સંભળાવ્યાં.

સત્રનું કામકાજ પુરું થતું હોવાથી, પણ નામદાર રાજ્યપાલશ્રીની સત્ર સમાપ્તિનો આદેશ આવ્યો ન હોવાથી અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૫ અન્વયે સભા તા. ૧૧મી મે, ૧૯૬૫ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યાં સુધી મુલતવી રાખી અને જણાવ્યું કે રાજ્યપાલશ્રીનો સત્ર સમાપ્તિ કરતો આદેશ મળ્યે તે રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

પત્રક ક્રમાંક-૨.

જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી.

| અનુ-ક્રમ | સમિતિનું નામ | સભ્યોના નામ | ચૂંટણીની તારીખ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જાહેર હિસાબ સમિતિ | ૧. શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ, પ્રમુખ<br>૨. શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય<br>૩. શ્રી સુલેમાન યુસુફ ઉનિયા<br>૪. યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા<br>૫. શ્રી માધવસિંહજી મોકાજી જાડેજા<br>૬. શ્રીમતી હીરાબેન લાલચંદભાઈ નીનામા<br>૭. શ્રી રમણલાલ નાગજીભાઈ પટેલ<br>૮. ડૉ. છોટાભાઈ જીવાભાઈ પટેલ<br>૯. શ્રી ગોકળદાસ ડોસાભાઈ પરમાર<br>૧૦. શ્રી ગુમાનસિંહજી વિરમસિંહજી વાઘેલા<br>૧૧. શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી. | ૩૧મી માર્ચ ૧૯૬૫. |
| ૨ | અંદાજ સમિતિ. | ૧. શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ, પ્રમુખ<br>૨. શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી<br>૩. શ્રી ગણપતલાલ જેઠાલાલ ત્રિવેદી<br>૪. શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ<br>૫. શ્રી જશભાઈ ચુનીભાઈ પટેલ<br>૬. શ્રી રતિભાઈ ઉકાભાઈ પટેલ<br>૭' શ્રી મનુભાઈ મોતીભાઈ પટેલ<br>૮. શ્રીમતી સુમિત્રાબેન હરિપ્રસાદ ભટ્ટ<br>૯. શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા<br>૧૦. શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ<br>૧૧. શ્રી ઉદેસિંહ વિરસિંહ વડોદીયા | ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૬૫. |

પત્રક ક્રમાંક-૩.

જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂંક.

| અનુ-ક્રમ | સમિતિનું નામ | સભ્યોના નામ | નિમણૂકની તારીખ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અરજી સમિતિ | ૧. શ્રી પ્રેમજી થોભણ લેઉઆ, ઉપાધ્યક્ષ, પ્રમુખ<br>૨. શ્રી બાબુભાઈ શીવરામ પટેલ<br>૩. શ્રીમતી શાંતાબહેન ગોગેન્દ્રકુમાર મકવાણા<br>૪. શ્રી દેવકરણ જીવણલાલ પોરાણિયા<br>૫. શ્રી બિપિનચંદ્ર મહાશંકર ભટ્ટ | ૧૬મી ફેબ્રુ-આરી ૧૯૬૫. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨ | સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિ | ૧. શ્રી ઈશ્વરભાઈ ગુલાબભાઈ દેસાઈ, પ્રમુખ<br>૨. શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા<br>૩. શ્રી અરૂણાબેન શંકરપ્રસાદ દેસાઈ<br>૪. શ્રી વિરૂમલ ખુશાલદાસ તારાચંદાની<br>૫. શ્રી કમળાશંકર મુળજીરામ પંડિત<br>૬. શ્રી વિરસિંહભાઈ જ્યોતિભાઈ ભાંભોર<br>૭. શ્રી શંકરભાઈ દેવજીભાઈ પટેલ<br>૮. શ્રી હરિરામ નથુભાઈ કોઠારી<br>૯. શ્રી મગનભાઈ વાંસજીભાઈ પટેલ<br>૧૦. શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા. | ૫મી માર્ચ ૧૯૬૫. |
| ૩ | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ. | ૧. શ્રી માનસિંહજી ભાસાહેબ રાણા, પ્રમુખ<br>૨. શ્રી ગોવિંદભાઈ કેશવજી પટેલ<br>૩. શ્રી મણિલાલ મંગળજી કાશીવાળા<br>૪. શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ પટેલ<br>૫. શ્રીમતી વસંતબેન જયસુખલાલ શાહ<br>૬. શ્રી કિરીટસિંહજી અમરસિંહજી ઠાકોર<br>૭. શ્રી શંકરભાઈ દેવજીભાઈ પટેલ<br>૮. શ્રીમતી શાન્તાબેન ભોળાભાઈ પટેલ<br>૯. શ્રી શનાભાઈ ધુળાભાઈ પરમાર<br>૧૦. શ્રી બદીયાભાઈ મૂળજીભાઈ ગોંદિયા<br>૧૧. કુમાર શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ | ૩જી મે ૧૯૬૫ |
| ૪ | ગુજરાત વિધાનસભાના સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ | ૧. શ્રી પ્રેમજીભાઈ થોભણ લેઉઆ, ઉપાધ્યક્ષ, પ્રમુખ<br>૨. શ્રી શાન્તિલાલ ત્રિકમલાલ પટેલ<br>૩. શ્રી દોલજીભાઈ ગણેશભાઈ પટેલ<br>૪. શ્રી ભાણજીભાઈ ભીમજીભાઈ પટેલ<br>૫. શ્રીમતી ડાહીબેન ભૂલાભાઈ રાઠોડ<br>૬. શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ<br>૭. શ્રી મનહરભાઈ અમરાભાઈ ચાવડા<br>૮. શ્રી હમીરસિંહજી જયસિંહજી સોલંકી<br>૯. શ્રી જાદવજી રાઘવજી મોરબિયા<br>૧૦. શ્રી નરભેશંકર નાનજીભાઈ પાણેરી | ૩જી મે ૧૯૬૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૫ | ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિ. | ૧. શ્રી પ્રેમજીભાઈ થોભણ લેઉઆ, ઉપાધ્યક્ષ, પ્રમુખ<br>૨. શ્રી જેસીંગભાઈ ગોવિંદભાઈ પરમાર<br>૩. શ્રી જુવાનસિંહ અમરસિંહ ઠાકોર<br>૪. શ્રીમતી ભાનુબેન મનુભાઈ પટેલ<br>૫. શ્રી પૃથ્વીરાજ ગાંગજીભાઈ ચૌધરી<br>૬. શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ<br>૭. શ્રી કાન્તિલાલ કેશવલાલ પટેલ<br>૮. શ્રી માનસિંહ વેચાતભાઈ નાયક | ૩જી મે, ૧૯૬૫ |
| ૬ | ગૌણ વિધાન સમિતિ | ૧. શ્રી પ્રેમજીભાઈ થોભણ લેઉઆ, ઉપાધ્યક્ષ, પ્રમુખ<br>૨. શ્રી હિતેન્દ્ર દેસાઈ, કાયદા મંત્રીશ્રી (પદનિમિત સભ્ય)<br>૩. શ્રી જટાશંકર દલસુખરામ પંડ્યા<br>૪. શ્રી રમણિકલાલ ત્રિકમલાલ મણિયાર<br>૫. શ્રીમતી મંજુલાબેન જ્યંતિલાલ દવે<br>૬. ડૉ. છોટાભાઈ જીવાભાઈ પટેલ<br>૭. શ્રી ભાઈલાલભાઈ ગરબડદાસ કોન્ટ્રાકટર<br>૮. શ્રી મનમોહનદાસ ભગવાનદાસ દેસાઈ<br>૯. શ્રી બિપિનચંદ્ર મહાશંકર ભટ્ટ<br>૧૦. શ્રી ભીમજીભાઈ જગન્નાથભાઈ પટેલ | ૩જી મે, ૧૯૬૫ |

**પત્રક ક્રમાંક-જ.**

**અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ.**

| અનુક્રમાંક | સભ્યોના નામ | નિમણુકની તારીખ |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ | ૧૯મી ફેબ્રુઆરી ૧૯૬૫ |
| ૨. | શ્રી રમણિકલાલ ત્રીકમલાલ મણિયાર | |
| ૩. | શ્રીમતી સુમિત્રાબેન હરિપ્રસાદ ભટ્ટ | |
| ૪. | શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકીઆ. | |

પત્રક

સરકારી

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પભારી સભ્યનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સન ૧૯૬૩નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૨-સન ૧૯૬૩નું જમીન સંપાદન (સન ૧૯૪૮નો મુંબઇ સુધારા) રદ કરવા બાબતનું વિધેયક. | મહેસુલ ખાતું | શ્રી હિતેન્દ્ર દેસાઇ, મંત્રીશ્રી, ગૃહ. |
| ૨. | સન ૧૯૬૩નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૭૦-સન ૧૯૬૩નું સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ બાબતનું (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું. | શ્રી ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૩. | સન ૧૯૬૪નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૫-સન ૧૯૬૪નું ગુજરાત નગર અને ગ્રામ્ય પ્રદેશના આયોજન બાબતનું વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૪. | સન ૧૯૬૪નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૨-સન ૧૯૬૪નું ભારત બંદરો બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ ખાતું. | શ્રી વિજયકુમાર ત્રિવેદી, મંત્રીશ્રી, જાહેર બાંધકામ. |
| ૫. | સન ૧૯૬૪નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૩૩-સન ૧૯૬૪નું ગુજરાત માલ લઈ જવા લાવવા પર વેરો નાખવા બાબતનું (સુધારા) વિધેયક. | ગૃહ અને નાગરિક પૂરવઠા ખાતું. | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૬. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક---૧-સન ૧૯૬૫નું ગુજરાત નવી રાજ્ધાની (વેરાવા) નિયંત્રણ ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૭. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક---૨-સન ૧૯૬૫નું મુંબઈ જમીન મહેસુલ (કચ્છ વિસ્તારને લાગુ પાડવા અને સુધારવા) બાબતનું વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, મહેસૂલ. |
| ૮. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક---૩-સન ૧૯૬૫નું મુંબઈ મનોરંજન કર( ગુજરાત સુધારા) વિધેયક. | નાણાંખાતુ | શ્રી બળવંતરાય મહેતા, મંત્રીશ્રી, નાણાં. |

ક્રમાંક-૫

વિધેયકો.

| દાખલ કર્યા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા: જેની સૂચના મળી | સુધારા: જે રજૂ કરવામાં આવ્યા | સુધારા: જે પસાર કરવામાં આવ્યા | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| — | — | — | — | ૧ | — | — | — |
| — | — | — | — | ૨૫ | — | — | — |
| — | — | — | — | — | — | — | — |
| ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | — | — | — | — |
| ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | — | — | — | — |
| ૧૬-૨-૬૫ | ૧૬-૨-૬૫ | ૨૬-૨-૬૫ | ૨૬-૨-૬૫ | ૩ | ૩ | — | — |
| — | — | — | — | ૧ | — | — | — |
| ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | — | — | — | — |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૯. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક--૪-સન ૧૯૬૫નું મુંબઈ મોટર વાહનો (ના ઉતારૂઓ પર વેરો નાખવા ) બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | ગૃહ અને નાગરિક પૂરવઠા ખાતું. | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મંત્રીશ્રી, કાયદો. |
| ૧૦. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક--૫-સન ૧૯૬૫નું મંડળીઓની નોંધણી બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મંત્રીશ્રી, કાયદો. |
| ૧૧. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક--૬-સન ૧૯૬૫નું મુંબઈ બાળક (કચ્છ વિસ્તારને લાગુ પાડવા) બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૧૨. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક--૭-સન ૧૯૬૫નું મુંબઈ કોર્ટ ફી બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા ખાતું | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મંત્રીશ્રી, કાયદો. |
| ૧૩. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક--૮-ગુજરાત બાકી રહેલાં સ્વત્વાપર્ણો નાબૂદ કરવા બાબતનું (સુધારા) વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, ખેતીવાડી. |
| ૧૪. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક--૯-સન ૧૯૬૫નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૧૫. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૦-સન ૧૯૬૫નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતનું ગુજરાત (સુધારા) વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, ખેતીવાડી. |
| ૧૬. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૧-સન ૧૯૬૫નું ગુજરાત (પૂરક વિનિયોગ) વિધેયક. | નાણાંખાતુ | શ્રી બળવંતરાય મહેતા, મંત્રીશ્રી, નાણાં. |
| ૧૭. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૨-સન ૧૯૬૫નું ગુજરાત સ્ટેમ્પના કાયદાઓ બાબતનું (સુધારા) વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, ખેતીવાડી. |
| ૧૮. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૩-સન ૧૯૬૫નું પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનું વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી ઈન્દુમતી ચીમનલાલ, મંત્રીશ્રી, શિક્ષણ. |
| ૧૯. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૪-સન ૧૯૬૫નું ગુજરાત નગર પાલિકા (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતુ | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |

ક્રમાક ૫—ચાલુ

| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૧ | ૧ | — | — |
| ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૩ | ૨ | ૧ | — |
| — | — | — | — | — | — | — | — |
| ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | — | — | — | — |
| ૨૬-૨-૬૫ | ૨૬-૨-૬૫ | ૨૬-૨-૬૫ | ૨૬-૨-૬૫ | ૫ | ૩ | ૧ | — |
| ૩૦-૩-૬૫ | ૩૦-૩-૬૫ ૩૧-૩-૬૫ | ૩૧-૩-૬૫ | ૩૧-૩-૬૫ | ૧૦ | ૮ | ૨ | — |
| — | — | — | — | ૪ | — | — | — |
| ૪-૩-૬૫ | ૪-૩-૬૫ | ૪-૩-૬૫ | ૪-૩-૬૫ | — | — | — | — |
| ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | — | — | — | — |
| — | — | — | — | ૪ | — | — | — |
| ૩૧-૩-૬૫ | ૩૧-૩-૬૫ | ૩૧-૩-૬૫ | ૩૧-૩-૬૫ | ૨ | — | — | — |

પત્રક

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૦. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૫-સન ૧૯૬૫નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક. | નાણાં ખાતું | શ્રી બળવંતરાય મહેતા, મંત્રીશ્રી, નાણાં. |
| ૨૧. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૬-સન ૧૯૬૫નું ગુજરાત ખેતીનાં ઉત્પન્નનાં બજારો બાબતનું (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૨૨. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૭-સન ૧૯૬૫નું મુંબઈ ભાંડા, હોટલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક | જાહેર બાંધ-કામ ખાતું. | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. |
| ૨૩. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૮-સન ૧૯૬૫નું ગુજરાત વિનિયોગ વિધેયક | નાણાં ખાતું. | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મંત્રીશ્રી, કાયદો. |
| ૨૪. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૯-સન ૧૯૬૫નું ગુજરાત વિધાનસભાના સભ્યોનાં પગાર તથા ભથ્થાં બાબતનું (સુધારા) વિધેયક. | કાયદા ખાતું | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મંત્રીશ્રી, કાયદો. |
| ૨૫. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૦-સન ૧૯૬૫નું ગુજરાત જમીન સત્તા પ્રકાર નાબુદ કરવા બાબતના કાયદાઓ (સુધારવા) બાબતનું વિધેયક. | મહેસૂલ ખાતું | શ્રી ઉત્સવભાઈ પરીખ, મંત્રીશ્રી, ખેતીવાડી. |
| ૨૬. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૧-સન ૧૯૬૫નું ગુજરાત વિનિયોગ (વધારાનો ખર્ચ) વિધેયક. | નાણાં ખાતું | શ્રી બળવંતરાય મહેતા, મંત્રીશ્રી, નાણાં. |
| ૨૭. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૨-સન ૧૯૬૫નું મુંબઈ ખાદી અને ગ્રામોદ્યોગ બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું | શ્રી વજુભાઈ શાહ, મંત્રીશ્રી, સહકાર. |
| ૨૮. | સન ૧૯૬૫નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૩-સન ૧૯૬૫નું પ્રસૂતિ સહાયતા (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર ખાતું | શ્રી મોહનલાલ વ્યાસ, મંત્રીશ્રી, આરોગ્ય. |

ક્રમાંક ૫—સંપૂર્ણ

| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | — | — | — | — |
| ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૧ | ૧ | ૧ | — |
| ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૧ | ૧ | — | — |
| ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | ૨૬-૩-૬૫ | — | — | — | — |
| ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | ૮-૪-૬૫ | — | — | — | — |
| — | — | — | — | ૧ | — | — | — |
| ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | ૯-૪-૬૫ | — | — | — | |
| ૪-૫-૬૫ | ૪-૫-૬૫ | ૪-૫-૬૫ | ૪-૫-૬૫ | — | — | — | — |
| — | — | — | — | — | — | — | — |

## પત્રક ક્રમાંક-૬

### રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો.

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પ્રભારી સભ્યનું નામ | રજૂ કર્યાની તારીખ | વિધેયકનો ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૪નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતિય સુધારા) વિધેયક. | ઉદ્યોગ ખાતું | શ્રી છોટાભાઈ જી. પટેલ વિ. સ. સ. અને શ્રી વીરૂમલ કે. તારાચંદાની વિ. સ. સ. | ૨૫-૩-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૨૪ તા. ૨૭-૫-૬૫. | — |
| ૨ | સન ૧૯૬૪નું ગુજરાત સહકારી મંડળી ( સુધારા ) વિધેયક. | ખેતીવાડી અને સહકાર ખાતું. | શ્રી ગંગારામ રાવળ વિ. સ. સ. | | | પ્રભારી સભ્ય હાજર ન હોવાથી વિધેયક રજૂ થયું ન હતું. |
| ૩ | સન ૧૯૬૪નું ફોજદારી કાર્ય સંહિતા (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા ખાતું | શ્રી સુરજમલ શાહ વિ. સ. સ. | ૨૫-૩--૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૨૫ તા. ૨૭-૫-૬૫. | |
| ૪ | સન ૧૯૬૪નું ગુજરાત ગૃહ નિર્માણ મંડળ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ ખાતું | શ્રી મનુભાઈ પાલખીવાળા વિ. સ. સ. | ૨૫-૩-૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૨૬ તા. ૨૭-૫-૬૫. | |
| ૫ | સન ૧૯૬૫નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક. | નાણાં ખાતું | શ્રી ગંગારામ રાવળ વિ. સ. સ. અને શ્રી શાન્તુભાઈ પટેલ વિ. સ. સ. | ૨૫-૩--૬૫ | સન ૧૯૬૫નું વિધેયક ક્રમાંક ૨૭ તા. ૨૭-૫-૬૫. | |

પત્રક ક્રમાંક-૭

## પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી ખાતાનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયક અંગે પ્રસ્તાવો | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | | પ્રસ્તાવ | તારીખ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૭<br>સન ૧૯૬૪નું અટકાયતી નજરકેદ બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક | ગૃહ અને નાગરિક પૂરવઠા ખાતું | શ્રી મનુભાઈ પાલખીવાળા વિ. સ. સ. | | | પ્રભારી સભ્ય હાજર ન હોવાથી પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો ન હતો |
| ૨ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૮<br>સન ૧૯૬૪નું મુંબઈ જમીન મહેસુલ (સુધારા) વિધેયક | મહેસુલ ખાતું | શ્રી છબીલદાસ મહેતા વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. | ૨૫--૩-૬૫ | |
| ૩ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૯<br>સન ૧૯૬૪નું ભારત ફોજદારી કાયદા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા ખાતું | શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ, વિ. સ. સ. | | | પ્રભારી સભ્ય હાજર ન હોવાથી પહેલાં વાંચનનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો ન હતો. |

પત્રક ક્રમાંક ૭–(સંપૂર્ણ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૪ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૦<br>સન ૧૯૬૪નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક | નાણાં ખાતું | શ્રી પ્રતાપ શાહ વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. | ૨૫-૩--૬૫ | |
| ૫ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૧<br>સન ૧૯૬૪નું જમીન સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસુલ ખાતું | શ્રી છબીલદાસ મહેતા વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાંચન કરવું. આ પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. | ૭--૪--૬૫ | |
| ૬ | સન ૧૯૬૪નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૨<br>સન ૧૯૬૪નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક. | નાણાં ખાતું | શ્રી છબીલદાસ મહેતા વિ. સ. સ. | | ૨૫-૩--૬૫ | પ્રભારી સભ્ય વિધેયકની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા ન હોવાથી વિધેયક હાથ ધરવામાં આવ્યું ન હતું. |

પત્રક ક્રમાંક—૮

સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની માગણીઓ.

| રજૂ થયેલી માગણીઓની સંખ્યા | જે માગણીઓ પર ચર્ચા કરવામાં આવી તેની સંખ્યા અને હિસાબનાં સદરો | ચર્ચા વગર પસાર (ગીલેટીન) થયેલી માગણીઓની સંખ્યા | શેરો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫૨ | કુલ ૨૫ માગણીઓ | ૨૭ | — |
| | ૧. ૯—જમીન મહેસૂલ | | |
| | ૨. ૧૨—વેચાણવેરો | | |
| | ૩. ૧૯—સામાન્ય વહીવટ | | |
| | ૪. ૨૨—જેલો | | |
| | ૫. ૨૩—પોલીસ | | |
| | ૬. ૨૮—શિક્ષણ | | |
| | ૭. ૨૯—વૈદકીય | | |
| | ૮. ૩૦—જાહેર આરોગ્ય | | |
| | ૯. ૩૧—ખેતી | | |
| | ૧૦. ૩૪—સહકાર | | |
| | ૧૧. ૩૫—ઉદ્યોગો | | |
| | ૧૨. ૩૭—સામૂહિક વિકાસ યોજના કામો, રાષ્ટ્રિય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કાર્યો. | | |
| | ૧૩. ૪૨—બહુલક્ષી નદી યોજનાઓ, ૪૩—સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક) અને ૪૪—સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (બિન વાણિજ્યિક) | | |
| | ૧૪. ૫૦—રાજ્ય બાંધકામો | | |
| | ૧૫. ૫૩—બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન. | | |
| | ૧૬. ૬૮—લેખન સામગ્રી અને મુદ્રણ | | |
| | ૧૭. ૭૦—વન | | |
| | ૧૮. ૭૧—પરચૂરણ | | |
| | ૧૯. ૭૮—એ, સન ૧૯૬૨ની રાષ્ટ્રિય કટોકટી અંગેનો ખર્ચ. | | |
| | ૨૦. ૯૪—જાહેર અરોગ્યની સુધારણા પર ખર્ચેલી મૂડી. | | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૨૧. ૯૮—બહુલક્ષી નદી યોજનાઓ પર ખર્ચેલી મૂડી,<br>૯૯—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર ખર્ચેલી મૂડી (વાણિજ્યિક) અને<br>૧૦૦—સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર ખર્ચેલી મૂડી (બિન-વાણિજ્યિક) | | |
| | ૨૨. ૧૦૩—રાજ્ય બાંધકામો પર ખર્ચેલી મૂડી | | |
| | ૨૩. ૧૦૭—ગુજરાતના પાટનગર અંગે ખર્ચ. | | |
| | ૨૪. ૧૧૯—વનો પર ખર્ચેલી મૂડી | | |
| | ૨૫. ૧૨૪—સરકારી વ્યાપાર યોજનાઓ પર ખર્ચેલી મૂડી | | |

## પત્રક ક્રમાંક—૯

### સન ૧૯૬૪-૬૫ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા | જે પૂરક માગણીઓ પર ચર્ચા કરવામાં આવી તેની સંખ્યા અને હિસાબનાં સદરો | ચર્ચા વગર પસાર (ગીલોટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા | શેરો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | કુલ ૯ પૂરક માગણીઓ. | | |
| ૪૦ | ૧. ૧૯—સામાન્ય વહીવટ | ૩૧ | — |
| | ૨. ૨૮—શિક્ષણ | | |
| | ૩. ૩૧—ખેતી | | |
| | ૪. ૩૪—સહકાર | | |
| | ૫. ૫૦—રાજ્ય બાંધકામો | | |
| | ૬. ૭૦—વન | | |
| | ૭. ૭૧—પરચૂરણ | | |
| | ૮. ૧૦૩—રાજ્ય બાંધકામો પર ખર્ચેલી મૂડી. | | |
| | ૯. ૧૧૯—વન પર ખર્ચેલી મૂડી | | |

## પત્રક ક્રમાંક—૧૦

### સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેની રજૂ થયેલી વધારાની માગણીઓ

| ક્રમાંક | હિસાબનું મુખ્ય સદર | શેરો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૧૪—સ્ટેમ્પ | બધી વધારાની માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. |
| ૨ | ૧૫—નોંધણી ફી. | |
| ૩ | ૨૨—જેલો | |
| ૪ | ૩૭—સામૂહિક વિકાસ યોજના કામો, રાષ્ટ્રિય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કાર્યો. | |
| ૫ | ૪૨—બહુલક્ષી નદી યોજનાઓ, | |
| | ૪૩—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો (વાણિજ્યિક) અને | |
| | ૪૪—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો. (બિન-વાણિજ્યિક) | |
| ૬ | ૫૩—બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન | |
| ૭ | ૬૫—પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો | |
| ૮ | ૬૮—લેખન સામગ્રી અને મુદ્રણ | |
| ૯ | ૭૦—વન | |
| ૧૦ | ૭૮—એ-૧૯૬૨ની રાષ્ટ્રિય કટોકટી અંગેનો ખર્ચ | |
| ૧૧ | ૯૮—બહુલક્ષી નદી યોજનાઓ પર ખર્ચેલી મૂડી | |
| | ૯૯—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર ખર્ચેલી મૂડી (વાણિજ્યિક) અને | |
| | ૧૦૦—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર ખર્ચેલી મૂડી (બિન-વાણિજ્યિક) | |

## પત્રક ક્રમાંક-૧૧

### તારાંકિત, અતારાંકિત તથા ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | મળેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને કે ખાતાને મોકલેલા | એકત્રિત કરેલા | દાખલ કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયને અભાવે ગૃહમાં રજુ થયા ન હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યા હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | તારાંકતિ | ૨૦૦૦ | ૬૯૫ | ૧૫ | ૧૧૦ | ૧૫ | ૧૧૬૫ | *૪૩૪ | ૬૩ | ૩૮.૦૨ | |
| ૨ | અતારાંકિત | ૩૦૦ | ૧૩૭ | ૩ | ૧૬ | ૨ | ૧૪૨ | **૬૬ | ૪૪ | ૪૬.૪૮ | |
| ૩ | ટૂંકી મુદતના | ૧૪૩ | ૪૧ | ૧ | ૧ | ૫ | @૫૪ | ૪૬ | -- | ૮૫.૧૯ | |

*આ ઉપરાંત આગળના વખતના ૪૦૬ પ્રશ્નોના જવાબો આ અધિવેશન દરમિયાન આપવામાં આવ્યાં હતાં.

**આ ઉપરાંત આગળના વખતના ૮૪ અતારાંકિત પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા હતાં.

@આ ઉપરાંત ૪૧ પ્રશ્નો તારાંકિત તરીકે દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૬ પ્રશ્નોના જવાબો સભાગૃહમાં આપવામાં આવ્યા હતા અને ૧૦ પ્રશ્નોના જવાબો સમયને અભાવે ગૃહમાં રજૂ થયા ન હતાં.

## પત્રક ક્રમાંક-૧૨

### તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં)

| ક્રમાંક | ખાતાનું નામ | મળેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્ય-શ્રીને કે ખાતાને મોકલેલા | એકત્રિત કરેલા | દાખલ કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયને અભાવે ગૃહમાં રજુ થયા ન હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યો હોય તેવા પ્રશ્નોની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | સામાન્ય વહીવટ | ૮૮ | ૪૨ | -- | ૬ | -- | ૪૦ | ૪ | ૫ | ૧૦.૦૦ | |
| ૨. | નાણાં | ૪૫ | ૨૩ | -- | ૨ | -- | ૨૦ | ૧૦ | ૩ | ૫૦.૦૦ | |
| ૩. | કાયદા | ૫૪ | ૨૪ | ૧ | ૧ | ૧ | ૨૭ | ૮ | ૪ | ૨૯.૬૩ | |
| ૪. | જાહેર બાંધકામ | ૨૯૦ | ૯૫ | -- | ૧૮ | ૩ | ૧૭૪ | ૭૨ | ૬ | ૪૧.૩૮ | |
| ૫. | પંચાયત અને આરોગ્ય | ૨૭૩ | ૯૬ | -- | ૨૬ | ૧ | ૧૫૦ | ૬૦ | ૭ | ૪૦.૦૦ | |
| ૬. | મહેસૂલ | ૨૪૦ | ૭૫ | ૧ | ૧૪ | ૬ | ૧૪૪ | ૫૭ | ૭ | ૩૯.૫૯ | |
| ૭. | શિક્ષણ અને મજુર | ૨૨૮ | ૯૩ | ૧ | ૧૭ | -- | ૧૧૭ | ૩૬ | ૫ | ૩૦.૭૭ | |
| ૮. | ગૃહ અને નાગરિક પુરવઠા | ૩૨૮ | ૯૯ | ૧૨ | -- | ૨ | ૨૧૫ | ૧૦૭ | ૧૦ | ૪૯.૭૭ | |
| ૯. | ઉદ્યોગ | ૧૧૮ | ૬૮ | -- | ૮ | -- | ૧૧૨ | ૩૩ | ૫ | ૨૯.૪૬ | |
| ૧૦. | ખેતીવાડી અને સહકાર | ૨૬૬ | ૮૦ | -- | ૧૮ | ૨ | ૧૬૬ | ૪૭ | ૧૧ | ૨૮.૩૧ | |
| | કુલ ... | ૨૦૦૦ | ૬૯૫ | ૧૫ | ૧૧૦ | ૧૫ | ૧૧૬૫ | ૪૩૪ | ૬૩ | | |

## પત્રક ક્રમાંક-૧૩

### અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં)

| ક્રમાંક | ખાતાનું નામ | મળેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધેલા | સ્પષ્ટીકરણ માટે સભ્ય-શ્રીને કે ખાતાને મોકલેલા | એકત્રિત કરેલા | દાખલ કરેલા | ગૃહમાં જવાબ આપવામાં આવ્યા હોય તેવા | સમયને અભાવે ગૃહમાં રજુ થયા ન હોય તેવા | ગૃહમાં જવાબ આપ્યો હોય તેવા પ્રશ્નો ની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | સામાન્ય વહીવટ | ૧૦ | ૪ | -- | ૧ | -- | ૫ | -- | ૨ | -- | |
| ૨. | નાણા | ૧૨ | ૫ | ૧ | ૨ | -- | ૪ | ૩ | ૧ | ૭૫.૦૦ | |
| ૩. | કાયદા | ૧૧ | ૫ | -- | ૧ | -- | ૫ | ૨ | -- | ૪૦.૦૦ | |
| ૪. | જાહેર બાંધકામ | ૩૬ | ૧૭ | -- | ૩ | -- | ૧૬ | ૮ | ૩ | ૫૦.૦૦ | |
| ૫. | પંચાયાત અને આરોગ્ય | ૩૧ | ૧૫ | -- | ૧ | -- | ૧૫ | ૭ | ૬ | ૪૬.૬૭ | |
| ૬. | મહેસૂલ | ૩૨ | ૧૪ | -- | ૧ | ૧ | ૧૬ | ૮ | ૫ | ૫૦.૦૦ | |
| ૭. | શિક્ષણ અને મજૂર | ૩૧ | ૧૬ | -- | ૧ | -- | ૧૪ | ૮ | ૬ | ૫૭.૧૪ | |
| ૮. | ગૃહ અને નાગરિક પુરવઠા | ૪૪ | ૨૦ | ૨ | ૪ | ૧ | ૧૭ | ૧૫ | ૭ | ૮૮.૨૩ | |
| ૯. | ઉદ્યોગ | ૩૨ | ૧૬ | -- | -- | -- | ૧૬ | ૨ | ૫ | ૧૨.૦૫ | |
| ૧૦. | ખેતીવાડી અને સહકાર | ૬૧ | ૨૫ | -- | -- | -- | ૩૪ | ૧૩ | ૯ | ૩૮.૨૪ | |
| | કુલ ... ... | ૩૦૦ | ૧૩૭ | ૩ | ૧૬ | ૨ | ૧૪૨ | ૬૬ | ૪૪ | | |

## પત્રક ક્રમાંક ૧૪

## બિન-સરકારી સંકલ્પો

| | | | |
|---|---|---|---|
| ૧. | ફાળવેલા દિવસોની સંખ્યા ... ... ... ... ... ... | | ૩ |
| ૨. | સંકલ્પોની મળેલી સૂચનાઓની સંખ્યા ... ... ... ... ... | | ૨૫૯ |
| ૩. | દાખલ ન થયેલા સંકલ્પોની સંખ્યા ... ... ... ... ... | | ૧૦ |
| ૪. | દાખલ કરવામાં આવેલા સંકલ્પોની સંખ્યા ... ... ... ... ... | | ૨૪૯ |
| ૫. | બેલટ કાઢતા પહેલાં પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા ... ... ... | | — |
| ૬. | બેલેટમાં લીધેલા સંકલ્પોની સંખ્યા – | | |
| | | (ક) પહેલા દિવસ માટે ... ... ... ... ... ... | ૧૮૧ |
| | | (ખ) બીજા દિવસ માટે ... ... ... ... ... ... | ૧૩૬ |
| | | (ગ) ત્રીજા દિવસ માટે ... ... ... ... ... ... | ૧૦૦ |
| ૭. | રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા ... ... ... ... ... ... | | — |
| ૮. | નિયમ ૪૩ (૨) અને ૯૮ અનુસાર રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા ... | | ૨ |
| ૯. | રજૂ કરવામાં આવેલા પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૬૩ સંકલ્પો આવાજ હતા). ... ... ... ... ... | | ૮ |
| ૧૦. | રજૂ કરવામાં આવેલા પરંતુ મત માટે મૂકાતાં સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૪૬ સંકલ્પો આવાજ હતા). ... ... ... | | ૫ |
| ૧૧. | રજૂ કરવામાં આવેલા અને સભાગૃહે સ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા.... | | — |
| ૧૨. | સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા. ... ... ... ... | | ૭૨ |

પત્રક ક્રમાંક-૧૫

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિ. | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ / ચર્ચા માટે આપવામાં આવેલો સમય. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| *૯ | ૬ | ૩ | ૧. રાજ્યની શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની નીતિ બાબત. | શ્રી ભાઈલાલભાઈ દા. પટેલ | ૧લી એપ્રિલ ૧૯૬૫ / સવા બે કલાક |
| | | | ૨. અનાજ તથા તેલના વધતા જતા ભાવો બાબત. | શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટ. | સમયને અભાવે સૂચના ગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |
| | | | ૩. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરકારોએ નર્મદા નદી પર બંધ બાંધવાનો કરાર કર્યાથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ બાબત. | શ્રી ભાઈલાલભાઈ દા. પટેલ. | સૂચના જ્યારે સભાગૃહ સમક્ષ તારીખ ૪-૫-૧૯૬૫ ના રોજ આવી ત્યારે લાગતા વળગતા સભ્યશ્રીએ જણાવ્યું કે તેઓ ચર્ચા ઉપસ્થિત કરવા માગતા નથી. |

*આમાં નિયમ ૮૬ હેઠળ આવેલી પરંતુ નિયમ ૯૦ હેઠળ દાખલ કરવામાં આવેલી સૂચનાનો સમાવેશ થાય છે. તે ઉપરાંત બે સૂચનાઓ નિયમ ૯૦ હેઠળ આવી હતી, પરંતુ નિયમ ૯૪ (ધ્યાન દોરવા બાબત) હેઠળ જેને દાખલ કરવામાં આવી હતી તેનો પણ સમાવેશ થાય છે.

પત્રક ક્રમાંક-૧૬

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓ-ની સંખ્યા | ના મંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિગેરે | દાખલ કરેલી | | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યાની તારીખ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ |
| @૩૯ | ૨૫ | @૧૩ | *૧. | અમદાવાદમાં કોલેરાના રોગચાળા બાબત. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા; શ્રી રતિભાઈ ઉ. પટેલ. | ૧૯-૨-૬૫ |
| | | | ૨. | ધુવારણ વિદ્યુત મથક બંધ પડવા બાબત. | શ્રી રતિભાઈ ઉ. પટેલ. | ૬-૪-૬૫ |
| | | | ૩. | કેરોસીનમાં ભેળસેળ થવા બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | ૭-૪-૬૫ |
| | | | ૪. | અખિલ ભારત કૃષિ પ્રદર્શનમાં ગુજરાતના પેવેલીયનને લાગેલી આગ બાબત. | શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય. | ૮-૪-૬૫ |
| | | | ૫. | બનાસકાંઠામાં કમોસમી વરસાદને લીધે થયેલ નુકશાન બાબત. | શ્રી દોલજીભાઈ ગ. પટેલ. | ૪-૫-૬૫ |
| | | | ૬. | ઘઉંના ભાવોમાં ઉછાળો આવવા બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | ૫-૫-૬૫ |
| | | | ૭. | રાજકોટ જીલ્લા પંચાયતના શિક્ષકોને પગાર ન મળવા બાબત. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | ૫-૫-૬૫ |
| | | | ૮. | સહકારી મંડળીઓ પાસેથી ઓડીટ ફી વધારે લેવા બાબત. | શ્રી ગંગારામ ચુ. રાવળ | ૫-૫-૬૫ |

પત્રક ક્રમાંક—૧૬—સંપૂર્ણ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૫ |
|---|---|---|---|---|---|
| | | | ૯. ઉત્તર ગુજરાતમાં ચુનાના બંધ પડેલા ભઠ્ઠાઓ બાબત. | શ્રી ગંગારામ ચુ. રાવળ | સમયને અભાવે લઈ શકાઈ ન હતી. |
| | | | ૧૦. ઉત્તર ગુજરાતમાં એન. એ. એસેસ-મેન્ટમાં વધારો કરવા બાબત. | શ્રી ગંગારામ ચુ. રાવળ. | " |
| | | | ૧૧. ઉમરેઠ વિભાગમાં ખેડૂતોની જમીનો કોતર યોજના હેઠળ લઈ લેવા બાબત. | શ્રી ઉદેસિંહ વી. વડોદીયા | " |
| | | | ૧૨. સુરત અને વલસાડ જીલ્લામાં કોલેરાના ફેલાવા બાબત. | શ્રી ઉત્તમભાઈ હ. પટેલ. | " |

@ આમાંની બે સૂચનાઓ નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળ આવી હતી પણ નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી.

* બે જુદી જુદી સૂચનાઓ એકત્રિત કરીને બંને સભ્યોના નામોમાં દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક-૧૭

### વિભાજન

| અનુ-ક્રમાંક | તારીખ | પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવ | પ્રસ્તાવની તરફેણમાં મત | પ્રસ્તાવની વિરૂધ્ધમાં મત | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૬૫. | શ્રી જશભાઈ ચુ. પટેલ. | ગણોતધારા હેઠળ જમીન માલિક બનેલા ગણોતીયાઓ જમીનની કિંમત આપતા ન હોવાથી આવી રકમ લેન્ડ ડેવલપમેન્ટ બેંકે ચૂકવી આપવા બાબતનો સંકલ્પ. | ૧૯ | ૯૩ | પ્રસ્તાવ નામંજૂર થયો. |
| ૨. | ૨૯મી માર્ચ, ૧૯૬૫. | શ્રી કમળાશંકર મૂ. પંડિત | અનુસૂચિત જાતિના લોકો માટે રૂા. દસ કરોડનું ભંડોળ ઉભું કરવા બાબતનો સંકલ્પ પાછો ખેંચી લેવાનો પ્રસ્તાવ. | ૩૩ | ૧૬ | સંકલ્પ પાછો ખેંચી લેવા માટે મંજૂરી આપવામાં આવી. |

શાસન મધ્યસ્થ મુદ્રણાલય,
અમદાવાદ.